Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

اَنَامَدِیْنَۃُ الْعِلْمِ وَعَلِیٌّ بَابُھَا

તન્ઝીમુલ મકાતિબ ના અભ્યાસક્રમ મુજબ

## ઈમામિયા

# દીનિયાત

3

પ્રકાશક

તન્ઝીમુલ મકાતિબ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(તન્ઝીમુલ મકાતિબના અભ્યાસક્રમ મુજબ)

## ઈમામિયા

# દીનિયાત

## ધોરણ ૩ માટે

: પ્રકાશક :

તન્ઝીમુલ મકાતિબ

ગોલાગંજ, લખનઉ-૧૮

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


- નામ કિતાબ.............................. દીનીયાત સોમ
- સ. તબાઅત.............................. ઓગસ્ટ 2019
- તઅદાદ.............................. 2000
- મતબૂઆ.............................. યુનાઈટેડ બલાક પ્રિન્ટર્સ પ્રેસ લખનઉ
- પ્રકાશક.............................. તન્ઝીમુલ મકાતિબ લખનઉ
- કીમત.............................. **Rs. 60/-**

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# તન્ઝીમની અરઝ

તન્ઝીમુલ મકાતિબના સ્થાપક ખતીબે આઝમ મૌલાના સૈયદ ગુલામ અસ્કરી અ. મ.એ દેશમાં ફેલાયેલ મોઅમિન બિરાદરોના બાળકો બાળકો સુધી દીનનો સદેશ પહોંચાડવા માટે **15** જમાદીઉલ ઉલા હિ. **1388** ના દીવસે થોડા મદ્રેસાથી તન્ઝીમુલ મકાતિબની શુરૂઆત કરેલ અને હિન્દુસ્તાન જ નહી પણ એશીયાભર માં પોતાની આગવી ઓળખથી એક માત્ર પહેલી સંસ્થા મૌજૂદ છે. જેણે બાળકોની પ્રાથમીક દીની તઅલીમ માટે કુરઆન, દીનીયાત અને ઉર્દૂ ઉપર સચોટ અને પૂરે પૂરો શૌક્ષણીક કોર્ષ રજુ કર્યો.

મકતબમાં વિવિધ વિસ્તારોમાં રહેતા મોઅમેનીનની સરળતાને ધ્યાન રાખી દીનીયાતની કિતાબને ગુજરાતી, બંગાળી, અંગ્રેજી, હિન્દી વિગેરે ભાષામાં પ્રસિદધ કરવામાં આવી જેથી ઉર્દૂ ભાષાથી અજાણ લોકો દીનથી અજાણ ન રહે અને ઝરૂરી દીની માહિતી કૌમના દરેક બાળકને પોતાની માતૃભાષામાં મળી રહે.

ઈમામીયા ઉર્દૂ રીડરની ગોઠવણ પણ આ અંદાજથીજ કરવામાં આવેલ કે તે ફકત નીયમ માટેની કિતાબ ન હોય પરંતુ ઈસ્લામના રીત રીવાજ ને તેના મુળ અંદાજમાં સ્પષ્ટ રજુ કરે જેથી ઈમામીયા ઉર્દૂ રીડરમાં ક્ષણ ભંગુર પાત્રોની ભરમાર, પાયા વિહોણી અને ફરેબી વાત અને વાર્તાની જગ્યાએ ઈસ્લામના મજબૂત ઉસુલને પેશ કરનાર અને રસ્તો ચીંધનાર ઈસ્લામના સિરતદાર અને સુધારક પ્રતિબીબોના અખલાકી બનાવોને ગોઠવવામાં આવ્યા.

પરંતુ ઉર્દૂથી અજાણ વિસ્તારામાં માતૃભાષામાં શીક્ષણ મેળવનારબાળકો ઈમામીયા ઉર્દૂ રીડર અને તેના ફાયદા તથા જલકારીથી કોસો દુર રહેતા હતા જેથી આ બાબત ધ્યાનમાં આવતા કોશીષ કરવામાં આવી કે ઉર્દૂ રીડરના તે પાઠોને બીજી ભાષામાં દીનીયાતમાં મેલવી દેવામાં આવે.

આ વીશે અમો શાબાન એજયુકેશન ટ્રસ્ટ મહુવાનો આભાર માનીએ છીએ કે તેઓના જવાબદારોએ પોતાની જાણકારીને કામમાં લાવી સંપુર્ણ રીતે ન ફકત આ કામ પુરૂ કર્યુ પરંતુ દરેક પાઠની સાથે તેના પુનરાવર્તનનો પણ વધારો કાર્યો જેથી દરેક ધોરણ માટે વર્ક બુક રૂપે અલગ પ્રકાશન પ્રકાશિત કરી રહયા છીએ.

આશાછે કે દીનીયાતની આ પહેલી કિતાબ બાળકો માટે ખૂબજ ફાયદા કારક રહેશે.

"પહેલી નીશાની કદી પણ છેલ્લો અક્ષર નથી બનતો" અને તમામ જાણકાર અને તાલીમ સાથે સંકળાયેલ તથા જ્ઞાન અને શીક્ષણથી જોડાયેલા દરેક લોકોની દીલચશ્પી અને સહકારની અપેક્ષા ઈચ્છીએ છીએ.

વસ્સલામ
સૈયદ સફી હૈદર
સેકરેટ્રી તન્ઝીમુલ મકાતિબ
લખનઉ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સૂચના

## (શિક્ષકો માટે)

(૧) પાઠ ભણાવ્યા પછી બચ્ચાઓને એવા સવાલ પુછવા જોઈએ કે જેથી કરીને તેઓ તે સબકના જવાબ આપી શકે.

(૨) પાઠ પછી પુછેલા સવાલોના જવાબ લખાવીને મોઢેથી યાદ કરાવવા જોઈએ.

(૩) મસાઈલ મોઢેથી યાદ કરાવો અને જ્યાં જરૂર હોય ત્યાં મસાઈલ ઉપર અમલ કરીને બતાવવા જોઈએ.

દરેક નશરીયાત અને મતબુઆત તથા લખાણ તન્ઝીમુલ મકાતિબ સંસ્થાના હક્કમાં તન્ઝીમુલ મકાતિબમાં સેફ છે. રજા વગર પુરી અથવા કોઇ ભાગ પ્રકાશિત કરવા પર કાનુની રાહે પગલા લેવામાં આવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 1


# મઝહબ

બચ્ચા જે ચીઝને જુએ છે તેને પકડવા માટે દોડે છે. તેને ખબર નથી કે કઇ ચીઝ સારી છે અને કઇ ચીઝ બુરી છે, પરંતુ તેના મા-બાપ તેઓને એ ચીઝોથી રોકે છે કે જે બુરી છે, ભલેને તે બચ્ચાને સારી લાગતી હોય તેમજ એવી ચીઝોને લેવાની રજા આપે છે કે જે સારી છે, ભલેને તે ચીઝ બચ્ચાને બુરી લાગતી હોય. એવી જ રીતે ખુદાએ તેના બંદાઓને મઝહબ મારફત સારી તથા બુરી વાતો બતાવી છે. કારણ કે બંદાઓ દરેક ચીઝોનું સારા-નરસાપણું નથી જાણતા. મઝહબ સારી વાત બતાવે છે અને બુરાઈની ઓળખાણ કરાવે છે. નેકી કરવાનો હુકમ આપે છે અને બુરાઇ કરવાથી રોકે છે.

## સવાલ

૧. ખુદાએ મઝહબ મારફત તેના બંદાઓને શું બતાવ્યું છે ?

૨. મઝહબ ઇન્સાનોને કઇ કઇ વાતોનો હુકમ આપે છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 2

# જો અલ્લાહ ન હોત

દુનિયાની કોઈ પણ નાનામાં નાની ચીઝ પણ તેના બનાવનાર વગર નથી બની શકતી. કડીયાના બનાવ્યા વગર મકાન તેની મેળે બની નથી શકતું. દર્ઝીના વગર કપડું આપોઆપ નથી સિવાઈ જતું. સુતાર વગર અલમારી, મેઝ, ખુરસી, પલંગ, ચૌકી તથા દરવાઝા પોતાની મેળે નથી બનતા. તો પછી આટલી મોટી દુનિયા, આસમાન, ઝમીન, ચાંદ, સૂરજ, તારા, પહાડ, ઝાડ, જાનવર, આદમી અને બીજી લાખો ચીઝો કોઈના પૈદા કર્યા વગર પોતાની મેળે શી રીતે પૈદા થઈ શકે ? અને તેથી માનવું પડે છે કે એક અલ્લાહ છે જેણે આ દુનિયા પૈદા કરી છે.

એક વખત લોકોએ એક બુઢિ બાઈને પૂછયું કે અલ્લાહ છે કે નહીં ? પેલી બુઢિ બાઈ જે પોતાનો ચરખો ચલાવી રહી હતી તેણે તેનો હાથ રોકી દીધો. એટલે ચરખો પણ તરત જ ફરતો બંધ થઈ ગયો. તેણે કહ્યું કે જુઓ જયારે હું આ ચરખો ચલાવું છું ત્યારે ચાલે છે અને જયારે હાથને રોકું છું તો ચરખો પણ ફરતો બંધ થઈ જાય છે.'તો બતાવો અગર આ દુનિયા ચલાવવા માટે કોઈ અલ્લાહ નથી તો દુનિયાનો આ ચરખો કેવી રીતે ચાલી રહ્યો છે ?

## સવાલ

૧. શા માટે દુનિયા બનાવનાર વગર બની નથી શકતી ?
૨. બુઢિ બાઈએ કેવી રીતે સમજાવ્યું કે અલ્લાહ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 3

# અલ્લાહને જોયા વિના કેમ માનીએ છીએ

આપણે રેલગાડીના કોઇ એક ડબ્બામાં બેસીને મુસાફરી કરીયે છીએ, એ જોઇને કે રેલગાડી ચાલતી ચાલતી સ્ટેશનો ઉપર રોકાય છે. જુના મુસાફરોને ઉતારે છે અને નવા મુસાફરોને લ્યે છે અને ફરીથી ચાલે છે. આપણે જ્યારે ડબ્બામાંથી બહાર મોઢું કાઢી જોઇએ છીએ તો ફક્ત રેલગાડીનું એન્જીન ગાડીને ખેંચતુ જોવા મળે છે. અને એન્જીનમાં બેસીને ચલાવનાર ડ્રાયવરને આપણે જોઇ નથી શકતા. તો પણ આપણને યકીન થાય છે કે આ ગાડીને ચલાવનાર જરૂર કોઇ છે.

એવી જ રીતે આપણે આ હાલતી ચાલતી દુનિયાને જોઇએ છીએ ત્યારે યકીન થઇ જાય છે, કે અલ્લાહ જરૂર છે, જે આખી દુનિયાને ચલાવે છે.

આપણા છઠ્ઠા ઇમામ હઝરત જાફર સાદિક અલૈહિસ્સલામને એક દિવસ નાસ્તિકે સવાલ પૂછયો કે અમે અલ્લાહને જોયો નથી અને આપ કહો છો કે અલ્લાહને કોઇ જોઇ નથી શકતું, તો બતાવો કે વગર જોયે અમને કેવી રીતે યકીન થાય કે અલ્લાહ છે. ઇમામ અલૈહિસ્સલામે કહ્યું કે કયારેય પણ તમે નદીમાં સફર કરી છે ? પેલા નાસ્તિકે કહ્યું હા. આપે પુછયું કે કયારેય એવું પણ બન્યું છે કે તમારી હોડી તૂફાનમાં સપડાય ગઇ હોય અને તૂટીને ડૂબવા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

લાગી હોય? તેણે કહ્યું, હા એવું પણ બન્યું છે. ઇમામ અલૈહિસ્સલામે પુછયું કે હવે બતાવો કે જયારે તમારી હોડી ડૂબતી હતી અને તમારા મૌતનું યકીન થઇ ગયું હતું એ વખતે તમારૂં મન એમ કહેતું હતું કે નહીં, હજુ પણ કોઇ બચાવી શકે છે? તેણે જવાબ આપ્યો જી હા જરૂર મારૂં મન કહેતું હતું. ઇમામ અલયહિસ્સલામે પુછયું કે તે કોણ હતો જેનામાં તમે નાઉમ્મીદ હોવા છતાં આશાનું એક કિરણ લઇને બેઠા હતા? શું તમે તેને જોયો હતો? તેણે કહ્યું કે જોયો તો ન હતો, પરંતુ દિલને કોઇ ન જોયેલા સહારાની ઉમ્મીદ જરૂર હતી. ઇમામ અલયહિસ્સલામે કહ્યું કે ના ઉમ્મીદીના વખતે જે દિલને સહારો આપે છે તે જ અલ્લાહ છે.

સાચો મુસલમાન તે જ છે કે જે પરેશાનીમાં ઘેરાય જાય તો પણ ના ઉમ્મીદ નથી થતો, પરંતુ હંમેશા અલ્લાહ પર ભરોસો રાખે છે.

## સવાલ

૧. અલ્લાહને જોયા વગર કેવી રીતે માની શકાય છે? દલીલ આપી સમજાવો.

૨. ઇમામ અલયહિસ્સલામે અલ્લાહને માનવા માટે કઇ દલીલ આપી?

3. સાચો મુસલમાન કોણ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 4

# અય ખુદા

સબક ઐસા પઢહા દિયા તૂંને, દિલસે સબ કુછ ભુલા દિયા તૂંને.
કુછ તઅલ્લુક રહા ન દુનિયા સે, શુગ્લ ઐસા બના દિયા તૂંને.
બે તલબ જો મિલા, મિલા મુજકો, બે ગરઝ જો દિયા, દિયા તૂંને.
કહીં મુશ્તાકસે હિજાબ હુવા, કહીં પરદા ઉઠા દિયા તૂંને.
જીસ કદર મૈને તુજસે ખ્વાહિશ કી, ઉસ સે મુજકો સિવા દિયા તૂંને.

"દાગ" કો કોન દેને વાલા થા,
જો દિયા અય ખુદા દિયા તૂંને.

સવાલ

(૧) ખુદાએ આપણને નેઅમતો કેવી રીતે આપેલ છે?
(૨) ખુદાએ આપણને કેટલી નેઅમતો આપેલ છે?
(૩) ઉપરોકત કવિતામાં દાગનો મતલબ બતાવો.
(૩) ખુદાએ આપણા માટે કેવું કામ કરી દીધું છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 5

# અમારો અલ્લાહ

**વાહિદ છે** : એટલે એક તથા એકલો છે. તેનો કોઈ સાથી નથી. તે કોઈને પોતાના કામમાં ભાગીદાર બનાવતો નથી તથા ન તો તેને કોઈની સલાહ માંગવાની જરૂરત છે.

**અહદ છે** : એટલે તેને કોઈ જુઝ (અંશ) નથી તથા તે પોતે કોઈનો અંશ નથી. તે એક છે, એકલો છે તથા મુરક્કબ નથી. મુરક્કબ એટલે, જેમકે શરબત જોવામાં એક ચીઝ લાગે છે પરંતુ ખરૂં જોતા તે પાણી તથા સાકર મળીને બનેલું છે અને અલ્લાહ તેવો નથી.

**સમદ છે** : એટલે કે તે દરેક ચીઝથી બેનિયાઝ છે. તે કોઈનો મોહતાજ નથી. આખી દુનિયા તેની મોહતાજ છે.

**અઝલી છે** : એટલે કે તે હંમેશાથી છે.

**અબદી છે** : એટલે કે તે હંમેશા રહેશે.

**સરમદી છે**: એટલે કે દુનિયાથી પહેલા તથા દુનિયા પછી પણ તે રહેશે.

**કય્યુમ છે** : આખી દુનિયાનો કયામ તેના થકી જ છે. તેનો ઈરાદો બદલી જાય તો દુનિયા જોતજોતામાં ખત્મ થઈ જાય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**લૈસા કમિસ્લેહી શયઉન :**

એટલે કે અલ્લાહ જેવો બીજો કોઈ નથી અને ન તો તેને કોઈ સાથે સરખાવી શકાય છે.

**લમયલિદ વલમ યૂલદ :**


એટલે કે કોઈ તેનો બાપ નથી અને કોઈ તેની ઔલાદ નથી.

## સવાલ

૧. વાહિદ તથા અહદનો મતલબ બતાવો અને બંનેમાં શું તફાવત છે તે બતાવો.

૨. સમદ તથા સરમદીનો શું મતલબ થાય છે ?

૩. અગર અલ્લાહનો ઈરાદો બદલી જાય તો શું થાય ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 6

# મઝહબ તથા લામઝહબિયત

દુનિયામાં જેટલા લોકો રહે છે તેમાં કેટલાક તો મઝહબને માનવાવાળા છે, અને કેટલાક નથી માનતા. જે લોકો મઝહબને નથી માનતા તેઓ પણ કેટલાક પ્રકારના છે અને જે માને છે તેમાં પણ અલગ અલગ પ્રકાર છે.

**મુસલમાન** : એટલે તૌહિદ, રિસાલત તથા કયામતને માનવાવાળા

**મોમિન** : એટલે તૌહિદ, અદાલત, રિસાલત, ઈમામત તથા કયામતને માનવાવાળા

**કાફિર** : એટલે દીન, નમાઝ, રોઝા વગેરે જેવા ઈસ્લામના કોઈ પણ હુકમને ન માનવાવાળા.

**મુનાફિક** : એટલે ઝબાનથી કલમો પઢે, પણ દિલમાં કુફ્ર રાખવાવાળા.

**મુશરિક** : એટલે અનેક ખુદાઓને માનવાવાળા.

**મુરતદ** : એટલે જે મુસલમાન કાફિર થઈ જાય.

**મુરતદે મિલ્લી**: એટલે એ કાફિર જે મુસલમાન બનીને પાછો કાફિર થઈ જાય.

**મુરતદે ફિતરી**: એટલે એ મુસલમાન કે જેના મા-બાપમાંથી કોઈ એક મુસલમાન હોય અને તે પોતે કાફિર થઈ જાય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

યહૂદી : એ લોકો જે હઝરત મૂસા પછી કોઇ નબીને નથી માનતા.

ઈસાઇ : એ લોકો જે હઝરત ઈસાને છેલ્લા નબી માને છે.

મજૂસી : એ લોકો જે આગને ખુદા માને છે. (આગની પુજા કરે છે.)

કાફિરે જિમ્મી : એ કાફિર જેનું નબી અથવા ઈમામથી મુઆહિદા (સંધી) હોય.

કાફિરે હરબી : એટલે એ કાફિર જે નબી અથવા ઈમામથી સંધી ન રાખતો હતો.

## સવાલ

૧. દુનિયામાં કેટલા પ્રકારના લોકો રહે છે ?

૨. મુરતદે મિલ્લી અને મુરતદે ફિતરી કોને કહે છે ?

૩. જે કાફિરનું ઈમામથી મુઆહિદા ના હોય એને શું કહે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 7

# "ઉસૂલ" અને "ફૂરૂઅ"

આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ છે. એમની વાતોને માનવું ઈસ્લામ છે. આપણા નબીએ આપણને જે વાતો બતાવી છે એ બે પ્રકારની છે. એકનું નામ "ઉસૂલે દીન" અને બીજીનું નામ "ફૂરૂએ દીન" છે.

**ઉસૂલે દીન :**

એ વાતોને કહે છે જેના ઉપર દિલથી યકીન કરવું જરૂરી છે. દાખલા તરીકે અલ્લાહ એક છે, આદિલ છે. છેલ્લા નબી આપણા નબી છે. અને એના જાનશીન (ઉત્તરાધિકારી) આપણા બાર ઈમામ છે. કુરઆન અલ્લાહની કિતાબ છે. કયામતનો દિવસ નક્કી છે.

**ફૂરૂએ દીન :**

એ વાતોને કહે છે જેના ઉપર અમલ કરવું વાજિબ (અનિવાર્ય) છે.

દાખલા તરીકે નમાઝ પઢવી, રોઝા રાખવા, હજ કરવી, ખુમ્સ અને ઝકાત કાઢવું, વિગેરે. દરેક શખ્સ પર વાજિબ છે કે ઉસૂલે દીનની દલીલો (તર્કો)ને સમજે અને પોતાની અકલથી પારખી અને માને. સિર્ફ કોઈના કહેવાથી માનવું કાફી નથી. પરંતુ બીજાથી જે કંઈ સાંભળે અથવા જાણે એ પોતાની અકલથી પરખે, અને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જે સાચું લાગે એને જ માને અને જે ગલત જાણે એને ન માને.

ફૂરૂએ દીન અલ્લાહ અને રસૂલના અહકામો (આદેશો)નું નામ છે. અને અલ્લાહ અને રસૂલના અહકામો (આદેશો)નો ફેસલો પોતાની અક્લથી ન કરી શકાય. આથી જે અલ્લાહ, રસૂલ અને ઈમામના હુકમ હોય એના પર અમલ કરવું જોઈએ.

## સવાલ

૧. અલ્લાહ એક છે, ઈમામ બાર છે, આ વાતો ઉસૂલે દીનમાં છે કે ફૂરૂએ દીનમાં ?

૨. કઈ કઈ વાતોને ફૂરૂએ દીન કહે છે ?

3. પોતાની અક્લની પરખથી ઉસૂલે દીનને માનવું જોઈએ અથવા ફૂરૂએ દીનને ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 8

# અલ્લાહ આદિલ છે

અલ્લાહ આદિલ છે એટલે કે અલ્લાહે ન કોઈ દિવસ ઝુલ્મ (અત્યાચાર) કર્યો છે ન કોઈ દિવસ કરશે. અલ્લાહ દરેક બુરાઈથી પાક છે. ના પોતે કોઈ વખત બુરાઈ કરે છે ના તો કોઈની બુરાઈને પસંદ કરે છે. દરેક ઈન્સાનને નેકી કરવા અને બુરાઈથી બચવાનો હુકમ કરે છે. એવો હુકમ આપવાવાળો ન કોઈની અચ્છાઈને છોડી શકે છે અને ન કોઈની બુરાઈનો સાથ આપી શકે છે.

અલ્લાહને આદિલ માનવાનો અર્થ એ છે કે એના દરેક હુકમને સહીહ માનવું. ખોટો હુકમ આપવાવાળો કોઈ દિવસ આદિલ નથી થઈ શકતો. એટલે જ ખુદાએ શૈતાન અને ફરિશ્તા બંનેને હુકમ આપ્યો હતો કે જનાબે આદમની સામે સજદો કરે. ફરિશ્તાઓએ સજદાનો હુકમ માન્યો કારણ કે તેઓ જાણતા હતા કે અલ્લાહ આદિલ છે. ખોટો હુકમ ન આપી શકે. શૈતાન અલ્લાહને આદિલ નહોતો માનતો. આથી સજદો કરવાથી ઈન્કાર કર્યો, ફક્ત ઈન્કાર ન કર્યો પણ અલ્લાહ પર ઈલ્ઝામ લગાડ્યો કે "તું મને એના (આદમ) સામે ઝુકવાનો હુકમ કરે છે, જેનાથી હું બેહતર અને અફઝલ છું."

જે લોકો અલ્લાહનાં અહકામો પર એઅતરાઝ (વાંધો) કરતા રહે છે એ ફક્ત અલ્લાહનાં હુકમ ઉપર એઅતરાઝ (વાંધો) નથી કરતા બલ્કે અલ્લાહના આદિલ હોવાનો ઈન્કાર કરે છે. કોઈની મૌતને નવક્ત મૌત માનવું પણ અલ્લાહને આદિલ માનવાના


Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વિરૂદ્ધ છે. કારણ કે ખુદાએ દરેક ઈન્સાનની મૌતનો એક સમય નક્કી કર્યો છે. અલ્લાહના નિયુક્ત કરેલા મૌતનાં સમયને ખોટું કહેવું ઠીક નથી.

## સવાલ

૧. શૈતાને હઝરત આદમને સજદો કેમ ન કર્યો ?

૨. કોઈની મૌતને નવક્ત મૌત સમજવું કેવું છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 9

## નબુવ્વત

નબી અને પૈગમ્બર શક્લ અને સૂરતમાં આપણી જ જેવા માણસ હોય છે. આપણી જેમ ચાલતા ફરતા છે, ખાએ-પીએ છે, સૂએ-જાગે છે. પરંતુ આપણામાં અને એમનામાં અંતર એ છે કે આપણે અનપઢ પૈદા થઈએ છીએ અને તેઓ ઈલ્મ લઈને પૈદા થાય છે. જેવી રીતે આપણને ગંદકીથી નફરત છે એવી જ રીતે તેઓ ગુનાહોથી નફરત કરે છે. આપણે ગંદકીને અડી શકીએ છીએ પણ કદી અડતા નથી. એજ પ્રમાણે નબી ગુનાહોં પર કુદરત રાખે છે પણ કદી ગુનાહ નથી કરતા. એ મઅસૂમ (નિર્દોષ) છે. દરેક બુરાઈથી પાક છે. ના ઝુઠું બોલે છે, ના કોઈને સતાવે છે, ના કોઈનો માલ છીને છે, ના કોઈ બુરાઈ કરે છે. તેઓ કોઈ દિવસ અલ્લાહના અહકામોની નાફરમાની કરતા નથી.

**યાદ રાખો આપણામાં અને નબીમાં ત્રણ વાતોનો ફર્ક છે.**

(૧) નબી આલિમ (શિક્ષિત) પૈદા થાય છે. એમનાથી ભૂલચૂક થતી નથી. અલ્લાહ તેઓને આલિમ બનાવીને પૈદા કરે છે અને આપણે જાહિલ (અશિક્ષિત) પૈદા થઈએ છીએ.

(૨) નબીનું ઈલ્મ સંપૂર્ણ હોય છે. તેઓ ગુનાહોની બુરાઈયોથી પૂરી રીતે જાણકાર હોય છે અને એજ કારણસર તેઓ દરેક ગુનાહથી દૂર રહે છે. ગુનાહોથી નફરત કરવાના કારણે જ તેઓથી કોઈ દિવસ કોઈ ગુનાહ નથી થતા અને


Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણાથી ગુનાહ થતા રહે છે.

(૩) અલ્લાહ તેઓને પોતાની તરફથી હિદાયત-પ્રચાર કરવા માટે મોકલે છે. અને તેઓથી હિદાયત હાસિલ કરવી આપણી ફર્ઝ છે.

## સવાલ

૧. આપણામાં અને નબીમાં શું ફર્ક છે?
૨. નબી ગુનાહ શા માટે નથી કરતા?
૩. નબી મઅસૂમ કેમ હોય છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 10

# "આપણા રસૂલ"

(સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ)

આપણા રસૂલ પોતાની માના ગર્ભાશયમાં જ હતા, કે આપના પિતા જનાબે અબ્દુલ્લાહનું અવસાન થઈ ગયું. જ્યારે આપ ચાર વર્ષનાં હતા તો આપની માતા જનાબે આમેનાની વફાત થઈ ગઈ. આપના દાદા જનાબે અબ્દુલ મુત્તલિબની વફાત એ વખતે થઈ જ્યારે આપની ઉમ્ર આઠ વર્ષની હતી. દાદાએ પોતાની ઝિંદગીના આખરી વક્તમાં આપણા રસૂલને પોતાના સૌથી લાયક દીકરા જનાબે અબૂ તાલિબના હવાલે કર્યા. જનાબે અબૂતાલિબ મરતા વખત સુધી આપની રક્ષા કરતા રહ્યા, અને ઈસ્લામના દુશ્મનો (શત્રુઓ)થી આપને બચાવતા રહ્યા. જ્યારે પચ્ચીસ વર્ષના થયા તો આપની શાદી જનાબે ખદીજાથી થઈ. જેઓ મક્કાની સૌથી ઉચ્ચ દર્જાની પૈસાવાળી બીબી હતી. જનાબે ખદીજાએ પોતાની પૂરી સંપત્તિ ઈસ્લામની મદદમાં ખર્ચ કરી નાખી.

જ્યારે આપ ચાલીસ વર્ષના થયા તો અલ્લાહે આપને નબૂવ્વતની ઘોષણાનો હુકમ કર્યો. જનાબે ખદીજાથી આપના કઈ દીકરાઓ પૈદા થયા, જે જીવિત ન રહ્યા. એમાંથી એક દીકરાનું નામ કાસિમ હતું અને એના કારણથી જ આપની કુન્નીયત અબુલ કાસિમ (કાસિમના પિતા) થઈ. દીકરાઓની મૌત પછી આપણી શાહઝાદી જનાબે ફાતેમા ઝહરા સલવાતુલ્લાહે અલયહા પૈદા થયા. આપનો વંશ આપની ઈકલૌતી દિકરી જનાબે ફાતેમા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઝહરા સલવાતુલ્લાહે અલયહાથી જ ચાલે છે. વફાતના સમયે આપણા રસૂલની ઉમ્ર ત્રેસઠ વર્ષની હતી.


## સવાલ

૧. આપણા રસૂલને અબુલ કાસિમ શાથી કહે છે ?

૨. આપણા રસૂલના પિતાનું નામ શું હતું ?

૩. આપણા રસૂલના દાદાનું નામ શું હતું ?

૪. આપણા રસૂલનો વંશ કોનાથી ચાલ્યો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 11

## બીમારની ખબર કાઢવી

મક્કામાં એક બુઢી ઔરત રહેતી હતી. આ બુઢી ઔરત હ.મોહ મદ મુસ્તફા સ.અ.વ.ની મોટી દુશ્મન હતી. જયારે રસૂલે ખુદા સ.અ.વ. આ બુઢી ઔરતના ઘર પાસેથી પસાર થતા ત્યારે આ ઓરત ઘરનો કચરો રસૂલે ખુદા સ.અ.વ. પર ફેંકતી હતી. પંરતુ રસૂલે ખુદા સ.અ.વ. ચુપ ચાપ ત્યાંથી ચાલ્યા જતા. અને તે બુઢી ઔરતને કશુજ કહેતા નહીં. અને નારાઝ પણ ન થતા.

એક દિવસ આપ તેજ રસ્તાથી પસાર થયા પંરતુ તે બુઢી ઔરતે આપ પર કચરો ન ફેંકયો. રસૂલે ખુદા સ.અ.

છે.

અલ્લાહના નબીએ જયારે આ સાંભળયું કે તે બુઢી ઔરત બીમાર છે. તો તેની ખબર કાઢવા માટે તેના ઘરના દરવાજા પાસે પહોંચી ગયા. અને રજા લઈ ઘરમાં દાખલ થયા. અને તેની ખબર પુછી. આ બુઢી ઔરત આપના આ અખ્લાક જોઈને શરમાઈ ગઈ અને મુસલમાન થઈ ગઈ. અલ્લાહના રસૂલ બીમારોની ખબર કાઢવા અને તેઓની મદદ કરવા પર બહુજ ભાર આપતા હતા. જયારે કોઈની બીમારીની ખબર સાંભળતા ત્યારે તેમની ખબર કાઢવા માટે જરૂર જતા. અને તેમનું દિલ બેહલાવતા અને તેમને ખૂશ રાખવાની કોશિષ કરતા હતા. આપની તાલીમ છે કે, બીમારોની કાઢવા વાળાઓથી અલ્લાહ ખૂશ થાય છે. અને બહુજ સવાબ મળે છે.

આપ ગરીબો અને કમઝોર લોકોની મદદ કરવા પર પણ ખુબજ ભાર આપતા હતા. અને આપ પોતે પણ સગા સંબધી તેમજ પારકા લોકોની મદદ કરતા હતા. દુશ્મનોની પણ મદદ કરતા અને તેઓના ખબર અંતર પુછતા હતા. બધા લોકોથી નેક અખલાકથી વ્યવહાર રાખતા હતા. બધા લોકો સાથે હસી ખુશીથી રહેતા હતા. અને દરેકનુ કામ કરવા માટે તૈયાર રહેતા. આપ મુસલમાનોને હંમેશા તાલીમ આપતા કે સગા વહાલાઓની મદદ કરો રિશ્તેદારોની મદદ કરો. યતીમોની મદ કરો. મુસાફરોની મદદ કર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપણા નબી પાડોશીઓનો બહુજ ખ્યાલ રાખતા હતા.અને ફરમાવતા કે તે શખ્સ મુસલમાન નથી! જે પોતે જમી લ્યે અને તેમનો પાડોશી ભુખ્યો રહી જાય.

એક વખત લોકો રસૂલે ખુદા સ.અ.વ.પાસે આવ્યા અને કહ્યું: યા રસૂલલ્લાહ! એક ઔરત છે જે બહુજ નમાઝ પઢે છે,રોઝા રાખે છે.ખૈરાત કરે છે.પંરતુ તે પોતાના પાડોશીઓ સાથે હંમેશા લડાઈ કરે છે.

આપે જવાબમાં ફરમાવ્યુ: "કે તે ઔરત જહન્નમી છે કારણ કે તે પાડોશીઓથી મોહબ્બત નથી કરતી".

<u>સવાલ</u>

(૧) બુઢી ઔરત રસૂલે ખુદા સ.અ.વ.સાથે કેવો વ્યવહાર કરતી હતી ? તેની બીમારી વખતે રસૂલે ખુદા સ.અ.વ.ના અખલાકને બયાન કરો.

(૨) બીમાર લોકોની ખબર કાઢવા જવાથી શું ફાયદો થાય છે ?

(૩) રસૂલે ખુદા સ.અ.વ.કોની કોની મદદ કરતા હતા ?

(૪) રસૂલે ખુદા સ.અ.વ.એ નમાઝી અને પરહેઝગાર ઔરત કે જે પોતાના પાડોશીને પરેશાન કરતી હતી તેના વિષે શું ફરમાવ્યું ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 12

# ઈમામ

અલ્લાહ દર વખતે બંદાઓની હિદાયત માટે એક પછી એક નબી મોકલતો રહ્યો. સહુથી અંતમાં આપણા નબી આવ્યા. જેમના પછી ન કોઈ નબી આવ્યા છે ન તો આવશે. પણ બંદાઓની હિદાયતનો સિલસિલો જારી રાખવો જરૂરી હતો જેનાથી લોકો હિદાયત લેતા રહે અને ગુમરાહીથી બચતા રહે. આથી નબુવ્વતના ખત્મ થયા પછી અલ્લાહે બંદાઓની હિદાયત માટે ઈમામોને મોકલ્યા.

કારણ કે ઈમામો પણ નબીની જેમજ હિદાયત કરવા આવે છે. આથી તેઓમાં પણ એજ બધી વાતો પ્રાપ્ત થાય છે જે નબીયોમાં હોય છે. ઈમામ એ હોય છે જેમાં આ ત્રણ વાતો હોય છે :

(૧) ઈમામ આલિમ પૈદા થાય છે. પોતાના સમયના બધાજ લોકોથી ઈલ્મ અને બીજી વાતોમાં અફ્ઝલ (ઉત્તમ) હોય છે. તેમનાથી પણ કોઈ દિવસ કોઈ ભૂલચૂક નથી થતી.

(૨) ઈમામ પણ નબીની જેમ જ મઅસૂમ હોય છે.

(3) ઈમામને પણ અલ્લાહ પોતાના હુકમથી નિયુક્ત કરે છે. એટલે જ આપણા નબીએ પોતાના કાકેરાભાઈ અને જમાઈ હઝરત અલી અલયહિસ્સલામને અલ્લાહના હુકમથી પોતાના ખલીફા અને જાનશીન નીમ્યા. તેઓજ આપણા પહેલા ઈમામ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

છે. પછી તેઓના અગિયાર દીકરાઓ ઈમામ થયા. જે બધાજ હઝરત અલી (અ.સ.)ની ઔલાદ હતા અને બધાને અલ્લાહે ઈમામ નીમ્યા હતા.

નબી અને ઈમામમાં એક જ ફર્ક છે, કે નબી શરીઅત લાવવાવાળા હોય છે, જ્યારે ઈમામ શરીઅતને બચાવવા વાળા હોય છે.


## સવાલ

૧. ઈમામની શું જરૂરત હોય છે?

૨. ઈમામમાં નબીની કઈ કઈ વાતો જોવા મળે છે?

૩. ઈમામોના નામ બતાવો.

૪. નબી અને ઈમામમાં શું તફાવત છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 13

# આપણા પહેલા ઈમામ

આપણા ઈમામો બાર છે. જેમાં પહેલા ઈમામ હઝરત અલી અલયહિસ્સલામ છે. આપ કઅબામાં તેરમી રજબના દિવસે પૈદા થયા. આપના ત્રણ ભાઈઓ હતા. તાલિબ, અકીલ અને જઅફરે તય્યાર. આપ સૌથી નાના હતા. આપના ભાઈઓમાં દરેક ભાઈ એકબીજાથી દસ વર્ષ નાના હતા. સૌથી મોટા ભાઈ તાલિબ હતા. એજ કારણથી આપના પિતા અબૂ તાલિબ કહેવાય છે. આપના પિતાનું નામ ઈમરાન હતું. હઝરત અલી (અ.સ.)થી મોટા જ. જઅફરે તય્યાર હતા. એમના હાથ મવ્તાના યુદ્ધમાં કપાઈ ગયા હતા. શહાદતના પછી અલ્લાહે આપને બે પાંખ અર્પણ કરી, જેનાથી તેઓ જન્નતમાં ઊડે છે. એ જ કારણથી આપને "તય્યાર" એટલે કે ઉડવાવાળા કહે છે.

જ. જઅફરે તય્યારથી મોટા જ. અકીલ હતા. જેના દીકરા જનાબે મુસ્લિમ બિન અકીલ, હ. ઈમામ હુસૈનના દૂત બની કૂફા આવ્યા હતા અને શહીદ થયા. સૌથી મોટા ભાઈ તાલિબ હતા. આપની સૌથી મોટી બહેન ઉમ્મેહાની હતા. જે ઘણા મોમિના હતા. હઝરત અલી અલયહિસ્સલામની માતૃશ્રી જ. ફાતેમા બિન્તે અસદને આપણા નબી પ્રેમ અને આદરથી પોતાની મા કહેતા હતા. કારણ કે ફાતેમા બિન્તે અસદે આપણા રસૂલની ઘણી જ સેવા કરી હતી. અને આપ રસૂલને પોતાના પુત્રો કરતા વધારે પ્યાર કરતા હતા. હઝરત અબૂ તાલિબ સદાના માટે રસૂલના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

રક્ષક રહ્યા. આપ રસૂલની જગ્યાએ પોતાના દીકરાને સુવડાવી દેતા હતા. જેથી જો રાતના વખતમાં દુશ્મન રસૂલ ઉપર હુમલો કરે તો આપની જાન બચી જાય. ચાહે એના પોતાના બચ્ચાઓ શહીદ થઇ જાય.

હઝરત અલી અલયહિસ્સલામના ફરઝંદોમાં ઈમામ હસન અલયહિસ્સલામ, ઈમામ હુસૈન અલયહિસ્સલામ અને એમની સગી બહેનો હઝરત ઝયનબ અને હઝરત ઉમ્મે કુલસુમ અને સાવકા ભાઈ જનાબે અબ્બાસ અને જનાબે મોહમ્મદ હનફિયા અધિક પ્રખ્યાત છે.


## સવાલ

૧. હઝરત અલીના કેટલા ભાઈઓ હતા? તેઓના નામ બતાવો.

૨. જનાબે અબ્બાસ અને મોહમ્મદ હનફિયા કોણ હતા?

૩. હઝરત અબુ તાલિબનું નામ બતાવો.

૪. જ. ફાતેમા બિન્તે અસદ કોણ હતા?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 14

## હમ હૈદરી હૈં હૈદરી

હમ દીનકે હૈં લશ્કરી, હમસે હૈં શાને સફદરી,
હૈ ક્યા શિકોહે કૈસરી, ડરતે હૈં હમસે ખૈબરી,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

શેવહ હૈ અપના દિલબરી, તુર્રહ હૈ અપના અંફસરી,
હૈ દીન અપના દાવરી, મઝહબ હૈ અપના જઅફરી,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

હમ સાહેબે ઈમાન હૈં, હમ હામિલે કુર્આન હૈં,
હમ તાબએ સલમાન હૈં, હમ અસલ મે ઈન્સાન હૈં,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

તાઅત મેં સર ધરતે હૈં હમ, મૈદાન કો સર કરતે હૈં હમ,
બાતિલ સે કબ ડરતે હૈં હમ, હક્ક બાત પે મરતે હૈં હમ,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

શાને નમાઝી હમ મે હૈ, રોઅબે હિજાઝી હમ મે હૈ,
કિરદાર સાઝી હમ મે હૈ, અંદાઝે ગાઝી હમ મે હૈ,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સલમાન સીરે કારવાઁ, મિકદાદ હૈ અપના નિશાઁ
અમ્માર હૈ અપની ઝુબાઁ, બૂઝર હૈ અપના તરજુમાઁ,

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

મેહરાબકે સાજિદ હૈં હમ શામો સહર આબિદ હૈં હમ
હર હાલ મે ઝાહિદ હૈં હમ હર રંગ મે વાહિદ હૈં હમ

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

હમ મર્દ હૈં જર્રાર હૈં હમ કૌમકે સરદાર હૈં
હમ સાહિબે કિરદાર હૈં હમ તાબએ કર્રાર હૈં

હમ હૈદરી હૈં હૈદરી, હમ હૈદરી હૈં હૈદરી.

## સવાલ

(૧) ઉપરોકત કવિતામાંથી હૈદરી લોકોની દસ સિફતો બયાન કરો.
(૨) આપણો દીન અને મઝહબ ઉપરોકત કવિતા પ્રમાણે કેવો છે?
(૩) ઈબાદત વિષેની હૈદરી લોકોની સિફત બયાન કરો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 15

# હઝરત અલી (અ.સ.)ના અખ્લાક

દુનિયામાં અનેક લોકો એવા પણ હોય છે કે જે બુરાઇ કર્યા પછી એ વાત પર ખુશ થાય છે કે ખુદાએ એનો બદલો નથી લીધો. એમને એ ખબર નથી કે સંસારની બરકત અને નહુસત તેમજ આખેરતનો અઝાબ અને સવાબ દરેક અલ્લાહના હાથમાં છે. એ જ્યારે ચાહશે ત્યારે એ બુરાઈઓનો બદલો લઈ લેશે.

જ.મીસમે તમ્માર હઝરત અલી અ.સ.ના એક મશહૂર સહાબી હતા. કૂફામાં ખજૂરના વેપારી હતા. હઝરત અલી અ.સ.નો રોજનો નિયમ હતો કે મીસમની દુકાન પર આવીને બેઠતા અને લોકોને વેપારની અચ્છાઈયોં બતાડતા. એક દિવસ મીસમ, હઝરત અલી અ.ને પોતાની દુકાન પર બેસાડીને ચાલ્યા ગયા. થોડીવાર પછી એક માણસ ખજૂર ખરીદવા આવ્યો. આપે ખજૂર તોળી આપ્યા. એ માણસે આપને ખોટો દિરહમ આપ્યો અને ખુશી ખુશી ચાલ્યો ગયો.

જ.મીસમ પાછા આવ્યા તો આપે એને દિરહમ આપ્યો. જ.મીસમે નિવેદન કર્યું કે મૌલા આ દિરહમ ખોટો છે. આપે કહ્યું કંઇ વાંધો નહીં હું જાણું છું. પરંતુ હું એને ઝલીલ (અનાદર) કરવા નથી ચાહતો. અલ્લાહ એનો સારો બદલો આપશે. થોડી વાર પછી એ માણસ પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે યા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલી ! આ ખજૂરોમાં કીડા પડ્યા છે. આપે કહ્યું : દિરહમ લઇ લો અને મારી ખજૂરો પાછી આપો. એણે ખજૂરો આપી દીધી અને દિરહમ પાછી લઇને ચાલ્યો ગયો. જ.મીસમે જોયું કે ખજૂર બિલકુલ ઠીક છે. તો પૂછ્યું કે એ મારા મૌલા ! આ શું બન્યું ? આપે કહ્યું કે એ મીસમ પરવરદિગાર પોતાના સારા બંદાઓનો આ જ પ્રમાણે ખ્યાલ રાખે છે. આ માણસ અમને લોકોને ધોકો આપવા ચાહતો હતો, અલ્લાહે એનો બદલો લઇ લીધો અને એને સફળ ન થવા દીધો.

## સવાલ

૧. જ.મીસમ કોણ હતા ?

૨. હઝરત અલી અ.સ.એ ખોટો દિરહમ કેમ લઇ લીધો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 16

## હમદર્દી

સગાવહાલા અને મોહતાજોની હમદર્દી એક એવી ચીઝ છે જેનાં થકી ઈન્સાનની ઈન્સાનીયતને ઓળખી શકાય છે. આજના ઝમાનામાં હમદર્દી એટલી હદે ઓછી થઈ ગઈ છે,કે દીકરો ઝઈફ બાપને કામ નથી આવતો. ગરીબીમાં ભાઈ પોતાના સગા ભાઈથી દૂર ભાગે છે. જયારે આવા નઝદીકના સંબંધ હોવા છતા હમદર્દી જોવા નથી મળતી તો પછી બીજા લોકોથી હમદર્દીની આશા કેવી રીતે રાખી શકાય?

દીને ઈસ્લામે ઈન્સાનને દરેક પ્રકારની હમદર્દીનો સબક શીખવ્યો છે ઈમામ જાફરે સાદિક અ.સ.ફરમાવે છે, અમારા શિયાઓને બે વસ્તુ થકી ઓળખો.પહેલું નમાઝના વખતની પાબંદી અને બીજું આપસમાં તેઓની માલી હમદર્દી.પંરતુ આપણી પરિસ્થિતી એવી થઈ ગઈ છે, કે અગર ફુટપાથ પર કોઈ ગરીબ ફકીર દેખાય પણ જાય તો તેની સામે જોવું પણ બુરૂ ગણવામાં આવે છે.આપણી નઝર હંમેશા ઉચા લોકો જેવા બનવા માટે તેઓ તરફ કેન્દ્રીત હોય છે. અને નીચા લોકો તરફ આપણી નઝર જતીજ નથી.જયારે કે આપણા આકા અને મૌલા હઝરત અલી અ.સ.અને તેના બન્ને ફરઝંદ હઝરત ઈમામે હસન અ.સ.અને ઈમામ હુસૈન અ.સ.ની રીત કંઈક અલગજ જોવા મળે છે. મશહુર કિસ્સો છે કે જયારે હઝરત અલી અ.સ.શહીદ થયા. અને ઈમામ હસન અ.સ. અને હુસૈન અ.સ. પોતાના પિતા હઝરત અલી અ.સ.ના જનાઝાને કુફાની બહાર નજફમાં દફન કરી પાછા ફરી રહયા હતા, ત્યારે રસ્તામાં એક વીરાન જગ્યામાંથી કોઈ લાચાર ના રડવાની અવાજ સાંભળી. અગર અત્યારના કોઈ નૌજુવાન હોત તો ત્યાં પાછું ફરીને પણ જોવાની તકલીફ ન ઉઠાવત,પંરતુ આ બન્ને શેહઝાદાઓ ઈમામ હતા. અને ઈમામના દીકરાઓ હતા. તેઓ પોતાનો ગમ ભૂલી તે લાચારની અવાજ તરફ આગળ વધ્યા. નઝદીક જઈને જોયું તો એક લાચાર આંધળો માણસ ત્યાં પડેલો હતો.આ બન્ને ઈમામો તેમની પાસે જઈ સવાલ કર્યો કે ભાઈ તમારી તબયત કેમ છે? તેણે જવાબમાં કહ્યુ: કે શું બતાવું એક બંદેખુદા દરરોજ મને રોઝી પહોંચાડતો હતો અને આજે ત્રણ દિવસ થયા છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને તે નથી આવ્યો. ભૂખથી હું બે હાલ થઇ રહયોછું. ઈમામે સવાલ કર્યો કે બતાવ તે માણસનું નામ શું છે ? તે આંધળા માણસે કહ્યુઃકે તે બંદેખુદાએ પોતાનું નામ નથી બતાવ્યું.

અને જયારે હું તેને તેનું નામ પુછતો ત્યારે તે જવાબમાં કહેતો એક ફકીર ફકીર પાસે બેઠો છે આ સાંભળી બન્ને શેહ્ઝાદાઓ રડવા લાગ્યા, અને કહ્યુઃ એય ભાઇ તે અમારા પીતા હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અ.સ. હતા. આજે ત્રણ દિવસ થયા છે, કે મસ્જીદે કુફામાં તેના માથાપર તલવાર મારવામાં આવી. અને આજે તેમની શહાદત થઇ ચુકી છે. અને અમો તેના જનાઝાને દફન કરીને પાછા ફરી રહ્યા છીએ. તે અંધ લાચાર આ સાંભળી ખુબજ રડવા લાગ્યો. અને કહ્યુઃ કે મને પણતમારા બાપની કબ્ર પર લઇ જાઓ. અને ત્યાર બાદ બન્ને શહેઝાદા આ અંધ માણસને હ.અલી અ.સ.ની કબ્ર પર લઇ ગયા. અને ત્યાંજ તે લાચાર માણસ રોઇ રોઇને આ દુનિયાથી વફાત પામી ગયો.

## સવાલ

(૧) આજના ઝમાનામાં હમદર્દી કેવી થઇ ગઇ છે ?

(૨) ઈમામ સાદિક અ.સ.એ શિયાઓને ઓળખવાની કઇ રીત બતાવી છે ?

(૩) ઈમામ હસન અ.સ.અને ઈમામ હુસૈન અ.સ.ની હમદર્દી વિષે ટુંકમાં લખો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 17

# બાર ઈમામોની ઉમ્ર

**હઝરત અલી અલયહિસ્સલામ :**

આપ તેરમી રજબ સન ૩૦ આમુલ ફીલ એટલે હિજરતથી ૨૩ વર્ષ પૂર્વ મક્કા શહેરમાં જુમ્આના દિવસે કઅબામાં પૈદા થયા. આપ સને ૨૧ રમઝાન ૪૦ હીજરીમાં શહીદ થયાં. આપ ૬૩ વર્ષના હતા. આપની કબ્ર નજફમાં છે.

**હઝરત ઇમામ હસન અલૈહિસ્સલામ :**

આપ ૧૫ રમઝાન ૩ હીજરીએ મદીના મુનવ્વરામાં પૈદા થયા અને ૨૮ સફર સન ૫૦ હીજરીમાં શહીદ થયા. આપ ૪૭ વર્ષના હતા. આપ જન્નતુલ બકીઅમાં દફન થયા.

**હઝરત ઇમામ હુસૈન અલૈહિસ્સલામ :**

આપ ૩ શાબાન સન ૪ હીજરીમાં મદીના મુનવ્વરામાં પૈદા થયા. અને ૧૦ મોહર્રમ સન ૬૧ હીજરીમાં શહીદ થયા. આપની ઉમ્ર ૫૭ વર્ષની હતી. આપનો રોઝો કરબલામાં છે.

**હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલૈહિસ્સલામ :**

આપ ૧૫ જમાદીઉલ અવ્વલ સન ૩૮ હીજરી મદીના મુનવ્વરામાં પૈદા થયા. અને ૨૫ મોહર્રમ સન ૯૫ હીજરીએ શહીદ થયા. આપની ઉમ્ર ૫૭ વર્ષ હતી. આપની કબ્ર જન્નતુલ બકીઅ, મદીનામાં છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલૈહિસ્સલામ :

આપ પહેલી રજબ સન ૫૭ હીજરીએ મદીના મુનવ્વરામાં પૈદા થયા અને ૭ જિલ્હજ સન ૧૧૪ હીજરીએ શહીદ થયા. આપની ઉમ્ર ૫૭ વર્ષ હતી. આપ જન્નતુલ બકીઅ, મદીનએ મુનવ્વરામાં દફન થયા.

## હઝરત ઇમામ જાફરે સાદિક અલૈહિસ્સલામ :

આપ ૧૭ રબ્બીઉલ અવ્વલ સન ૮૩ હીજરીએ મદીનએ મુનવ્વરામાં પૈદા થયા અને ૧૫ શવ્વાલ સન ૧૪૮ હીજરીમાં શહીદ થયા. આપની ઉમ્ર ૬૫ વર્ષની હતી. આપની કબ્ર જન્નતુલ બકીઅ, મદીનએ મુનવ્વરામાં છે.

## હઝરત ઇમામ મૂસા કાઝીમ અલૈહિસ્સલામ :

આપ ૭ સફર સન ૧૨૮ હીજરીએ અબવામાં પૈદા થયા અને ૨૫ રજબ સન ૧૮૩ હીજરીએ શહીદ થયા. આપની ઉમ્ર ૫૫ વર્ષ હતી. આપનો રોઝો કાઝમૈન, ઈરાકમાં છે.

## હઝરત ઇમામ અલી રઝા અલૈહિસ્સલામ :

આપ ૧૧ ઝીકા'દ સન ૧૫૩ હીજરીએ મદીનએ મુનવ્વરામાં પૈદા થયા અને ૨૩ ઝીકા'દ સન ૨૦૩ હીજરીએ શહીદ થયા. આપની ઉમ્ર ૫૦ વર્ષની હતી. આપને રોઝો મશહદ, ઈરાનમાં છે.

## હઝરત ઇમામ મોહમ્મદ તકી અલૈહિસ્સલામ :

આપ ૧૦ રજબ સન ૧૯૫ હીજરીએ મદીનએ મુનવ્વરામાં પૈદા થયા અને ૨૯ ઝીકા'દ સન ૨૨૦ હીજરીએ શહીદ થયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપની ઉમ્ર ૨૫ વર્ષની હતી. કાઝમૈનમાં આપની કબ્ર છે.

### હઝરત ઇમામ અલી નકી અલૈહિસ્સલામ :

આપ ૫ રજબ ૨૧૪ હીજરીએ મદીનએ મુનવ્વરામાં પૈદા થયા અને ૩ રજબ સન ૨૫૪ હીજરીમાં શહીદ થયા. આપની ઉમ્ર ૪૦ વર્ષ હતી. આપ સામર્રાહમાં દફન થયા.

### હઝરત ઇમામ હસન અસ્કરી અલૈહિસ્સલામ :

આપ ૧૦ રબીઉસ્સાની સન ૨૩૨ હીજરીએ મદીનએ મુનવ્વરામાં પૈદા થયા અને ૮ રબીઉલ અવ્વલ સન ૨૬૦ હીજરીએ શહીદ થયા. આપની ઉમ્ર ૨૮ વર્ષ હતી. આપનો રોઝો સામર્રાહમાં છે.

### હઝરત ઇમામ મહદી આખિરૂઝ્ઝમાં અલૈહિસ્સલામ :

આપ ૧૫ શાબાન સન ૨૫૬ હીજરીએ સામર્રાહ શહેરમાં પૈદા થયા. અને આજ દિવસ સુધી અલ્લાહના હુકમથી ઝિંદા (જીવીત) છે અને પરદએ ગૈબમાં છે. જ્યારે અલ્લાહનો હુકમ થશે તો જાહિર (પ્રગટ) થશે.

## સવાલ

૧. જન્નતુલ બકીઅમાં ક્યા ક્યા ઇમામ દફન થયા છે ?
૨. મશહદ, કાઝમૈન અને સામર્રાહમાં ક્યા ઇમામની કબ્ર છે ?
૩. હ. અલી અ.સ. અને હ. ઇમામ હુસૈન અ.સ.ની કબ્ર ક્યાં છે ?
૪. ત્રીજા, છઠ્ઠા અને નવમાં ઇમામની તારીખે વિલાદત અને વફાત બતાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 18
# મૌતના પછી

**બરઝખ :**

પ્રત્યેક માણસ (મનુષ્ય)ની રૂહ મરવા પછી કયામત સુધી જ્યાં રહે છે એને બરઝખ કહે છે. બરઝખમાં સહી અકીદાવાળા આરામથી અને ખરાબ અકીદાવાળા તકલીફથી રહે છે.

**કબ્રમાં સવાલ અને જવાબ :**

મરવા પછી કબ્રમાં બે ફરિશ્તા આવે છે. જે મરણ પામેલાને જીવીત કરે છે અને એનાથી સવાલ કરે છે. સારા આમાલ કરવાવાળાઓની પાસે આવવાવાળા ફરિશ્તાઓનાં નામ મુબશ્શિર અને બશીર છે. અને ખરાબ આમાલ કરવાવાળા પાસે આવવાવાળા ફરિશ્તાઓના નામ મુનકિર અને નકીર છે.

| ફરિશ્તાઓના સવાલ | જવાબ |
|---|---|
| ૧. તારો અલ્લાહ કોણ છે ? | અલ્લાહ |
| ૨. તારો દીન ક્યો છે ? | ઈસ્લામ |
| 3. તારા પૈગંબર કોણ છે ? | હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલૈહે વ આલેહી વ સલ્લમ |
| ૪. તારા ઈમામ કોણ છે ? | હઝરત અલી અલૈહિસ્સલામ અને એના પછી ૧૧ ઈમામો |

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

૫. તારી કિતાબ કઈ છે ? કુરઆને મજીદ

૬. તારો કિબ્લો કયો છે ? કઅબાએ મોહતરમ

જે મનુષ્ય આ સવાલોના ઉત્તર બરાબર આપશે એની કબ્રને ફરિશ્તાઓ જન્નતનો બાગ બનાવી દેશે અને જેના ઉત્તર ઠીક નહીં હોય એની કબ્રને દોઝખની આગથી ભરી દેશે.

**નામયે આમાલ :**

અલ્લાહના તરફથી પ્રત્યેક મનુષ્ય પર બે ફરિશ્તાઓ મુકર્રર (નિયુકત) છે. એક સારા આમાલ (કાર્ય) લખે છે. બીજો ખરાબ આમાલ (કાર્ય) લખે છે. કયામતના દિવસે પ્રત્યેક મનુષ્યને એનું નામએ આમાલ અપાશે.

**મીઝાન :**

કયામતના દિવસે પ્રત્યેક મનુષ્યના આમાલ ઈન્સાફના તરાજુમાં તોળાશે. એ તરાજુને જ મીઝાન કહે છે.

**સિરાત :**

પ્રત્યેક મનુષ્યને કયામતના દિવસે એક પુલ પરથી ગુજરવું પડશે, જે બાલથી વધારે બારીક અને તલવારની ધારથી વધારે તેજ અને આગથી અધિક (વધારે) ગરમ હશે. સહી ઈમાન અને સારા અમલવાળા આ પુલ ઉપરથી ગુજરી શકશે. અને જેનું ઈમાન અને અમલ ખરાબ હશે એ દોઝખમાં પડી જશે.

**શિફાઅત :**

કયામતના દિવસે નબી અને ઈમામ ગુનેહગાર મોમિનની શિફાઅત કરીને બખ્શી દેશે અને અલ્લાહ એમની શિફાઅતને કબૂલ કરશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


# સવાલ

૧. બરઝખ એટલે શું ?

૨. મુનકીર, નકીર અને મુબશ્શિર વ બશીર કોણ છે ?

૩. સિરાત કોને કહે છે ?

૪. કોણ કોની શિફાઅત કરશે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 19
## કયામતનો ડર

અલલાહના દરેક સારા અને સાચા બંદાઓ કયામતના દિવસથી ડરે છે. અને કોઈ પણ કામ એવુંનથી કરતા જેના કારણે અલ્લાહ તેનાથી નારાઝ થઈ જાય.અને જહન્નમની ભડકતી આગના હવાલે કરી દેવામાં આવે.

આપણા નબી અને આપણા ઈમામોએ આપણને કયામતના હીસાબથી ડરતા રહેવાની તાકીદ કરી છે. અને નેક અમલ કરતા રહેવાનો હુકમ આપ્યો છે.

હ.ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઉમ્ર જયારે સાત આંઠ વર્ષની હતી, ત્યારે આપ એક ફુટપાથપર ઉભા હતા. અને તેજ જગ્યાએ થોડાક બાળકો રમી રહ્યા હતા.પંરતુ આપ તે બધા બાળકોથી અલગ ચુપ ચાપ ઉભા હતા. અને કોઈ ઉંડા વિચારોમાં ડુબેલ હતા. અને આપની આંખોથી આંસુ વહી રહ્યા હતા.એટલામાં એક બુઝુર્ગ માણસ ત્યાંથી નીકળયા કે જેનું નામ બહલૂલે દાના હતુ. જ્યારે તેમણે જોયું કે નબિના ચાંદની આંખોમાં આંસુ છે. ત્યારે તેમનું દિલ તડપી ગયુ .અને ઈમામથી સવાલ કર્યો કે તમે શા માટે રડી રહ્યા છો? હું તમારા માટે સારા સારા રમકડા લાવી આપું કે જેનાથી તમારૂં દિલ ખુશ થાય.

આપે જવાબમાં ફરમાવ્યું કે, બહલૂલ, હું બેકાર ખેલ-કૂદમાં સમય નથી બગાડવા માંગતો. બહલૂલ આ જવાબ સાંભળી ખુબજ નવાઈ પામ્યા,અને પુછયુઃતો પછી તમે શા માટે રડી રહ્યા છો? ઈમામે ફરમાવ્યું હું અલ્લાહના ડરથી રડી રહ્યો છું.બહુલને વધારે નવાઈ લાગી કે આ બચપનમાં અલ્લાહનો આટલો બધો ડર? બહલૂલે કહ્યું તમે તો હજી બાળક છો.તમારે અલ્લાહથી આટલું બધુ ડરવાની શું જરૂર? જયારે ઈમામે આ સાંભળયુ તો વધારે રોવા લાગ્યા. અને કહ્યું બહલૂલ ! મે મારી માંને ચૂલો સળગાવતા જોયા છે. તે ચુલાની મોટી લાકડીને સળગાવવા માટે પહેલા નાની નાની લાકડીઓને બાળે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હું નથી ચાહતો કે કયામતના દિવસે જયારે મોટા લોકોને જહન્નમમાં બાળવામાં આવે ત્યારે મને તે નાની લાકડીઓ સાથે નાખી દેવામાં આવે. આટલું કહી ઈમામ એટલું રડયા કે બેહોશ થઈ ગયા.

ઈમામ તો માસૂમ હતા.તેઓથી ગુનાહતો શું કોઈ નાની ભૂલ પણ થતી નથી.તેમ છતાં તેઓ કયામતથી એટલા બધા ડરતા હતા. તો પછી આપણે ગુનેહગાર ઈન્સાનોએ કયામતથી કેટલું ડરવું જોઈએ? આ વાતનો વિચાર કરવો આપણા બધા માટે બહુજ જરૂરી છે.

જે જહન્નમથી ડરશે તે કોઈ દિવસ ગુનાહ નહીં કરે ! અને જેને જન્નતમાં જવાની ઈચ્છા હશે તે હંમેશા નેક અને સારા કામ કરતો રહેશે. આવી હાલતમાં જન્નત અને જહન્નમ પર ઈમાન રાખવામાં જ આપણો ફાયદો છે.

# સવાલ

(૧) કયામતના દિવસથી કોણ ડરે છે ? અને તે માટે કઈ વસ્તૂની સાવચેતી પોતની ઝિંદગીમાં રાખે છે ?

(૨) ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઉમ્ર કેટલી હતી કે તેઓ છોકરાઓ સાથે રમવાના બદલે રડી રહ્યા હતા ? અને શા માટે રડી રહ્યા હતા ?

(૩) બહલૂલની કઈ વાત પર ઈમામ વધારે રડવા લાગ્યા ?

(૪) ઈમામ અ.સ.શા માટે પોતાની નાની વયમાં પણ અલ્લાહથી બહુજ વધારે ડરતા હતા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 20

## આપણો હેતુ

કેટલી સુંદર અને પ્યારી છે આ દુનિયા!

રોશની અને ગરમી આપનાર આ સૂરજ,ચાંદની વરસાવનાર આ ચાંદ,આ જગમગતા સિતારા,આ મીઠી મીઠી હવા,આસમાન પર ફરતા આ વાદળો,આ બરફથી ઢંકાએલ પહાડો,મોજા ઉછાળતો આ સમુદ્ર,સુંદર મજાની હરિયાળી વાડીઓ,આરામથી વહેતી આ નદીઓ,હવાઓમાં ઉડતા આ પક્ષીઓ,જંગલોમા ફરતા આ જનાવરો, આ બધું કેટલું ખુબસુરત છે!

તે સાથે મોટા મોટા શહેરોમા ચાલતી ફરતી ઝિંદગીનો આ કાફલો,આ કાળા,ધોળા અને ભુરા ઈન્સાનો,આ ઝડપથી ચાલતી ફરતી મોટરો,આ સમુદ્રની છાતી પર ચાલતા મોટા વહાણો,આ અવાજ કરતું રેલનું એન્જીન,આ ધુમાડા કાઢતા મીલોના ભુંગળા,આ જગમગાવતી દુકાનો,આ આસમાનમાં ઉડતા એરોપ્લેન,આ ખુબસુરત મકાન,આ શાનદાર ઓફીસો,આ બધા કેટલા સુંદર ઝિંદગીના નઝારા છે!

તેમ છતાં આ બધી વસ્તુઓમાં કોઇ ચીઝ બેકારતો નથી.સૂરજ આપણને ગરમી આપે છે.ચાંદ અંધારા રસ્તાઓમાં અંજવાળુ કરે છે.હવા વાદળાઓ લાવી રહી છે.વાદળાઓ આપણી સૂકી ઝમીનને લીલીછમ બનાવે છે.નદીઓ આપણા ખેતરોને પાણી પહોંચાડી રહી છે.અને આપણી ઝિંદગીની જરૂરીયાતને પૂરી પાડે છે.મોટરો અને રેલગાડીઓ આપણા સફરને આસાન કરે છે.વિજળીનો કંરટ આપણા ઘરની રોશની પૂરી પાડે છે.એનો મતલબ એમ થયો કે દુનિયાની

દરેક ચીઝ આપણી ખિદમત કરી રહી છે અને દુનિયાની દરેક ચીઝ આપણને ફાયદો પહોચાડી રહી છે.અલ્લાહનો કરમ જુઓ કે, તેણે આપણા ફાયદા અને આરામ માટે અગણિત ચીઝો પૈદા કરી નાખી છે. દુનિયાની દરેક ચીઝ પૈદા કરવાનો હેતુ છે કે તેઓ ઈન્સાનની ખીદમત કરે અને ઈન્સાનની જીસ્માની અને રૂહાની તેમજ ઝહેની ઝિંદગીને આરામ બક્ષે.હવે સવાલ એ ઉભો થાય છે,કે ખુદ ઈન્સાનને પૈદા કરવાનો હેતુ શું છે ?ઈન્સાનો માટે કુદરતે ઝમીન,આસમાન,ચાંદ,સૂરજ,હવા,વાદળ,સુમુદ્ર,ઝાડ,પાન....બધુજ પૈદા કર્યુ છે. તો પછી ઈન્સાનને પૈદા કરવાનો કંઈક હેતુ અને મકસદ હોવો જોઈએ.ઈન્સાનની પૈદાઈશનો હેતુ ફકત ખાવુ,પિવુ,સુવુ અને મરી જવુ હોય તો આ બધું જાનવર પણ કરે છે. તો પછી ઈન્સાન અને જનાવરોમાં શું તફાવત બાકી રહી જાય છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલ્લાહે ઈન્સાનને અક્કલ આપી, ઈલ્મ આપ્યું, વિચાર શક્તિ આપી, અવનવી ચિઝોનું સંશોધન કરવાની તાકત આપી, દુનિયાની દરેક ચીઝો પર હાકિમ બનાવ્યો, શું અલ્લાહે આ બધી વસ્તુ એટલા માટે આપી છે કે ઈન્સાન ખાઈ, પીય, સુઈ અને મરી જાય?

નહીં આવું હરગીઝ ન બની શકે?

જયારે અલ્લાહે ઈન્સાનને બીજી દરેક મખલૂક પર ફઝીલત આપી છે ત્યારે ઈન્સાનનો મકસદ પણકંઈક મહાન બનાવ્યો હશે. અલ્લાહે દુનિયાની દરેક ચીઝ ઈન્સાન માટે બનાવી છે અને ઈન્સાનને પોતાની ઈતાઅત માટે બનાવ્યો છે.

ઈન્સાનની ઝિંદગીનો હેતુ એ છે, કે તે અલ્લાહની ખુશનૂદી હાંસિલ કરે ઈમાન અને નેક અમલ થકી અલ્લાહથી કરીબ થઈ જાય.

આ મહાન મકસદનું ઈનામ પણ બહુજ મહાન છે.

જન્નત અલ્લાહની એ અમર નેઅમત છે, જેના હક્કદાર અલ્લાહના એવા ખાસ બંદાઓ છે. જે પોતાની ઝિંદગીનો મકસદ પુરો કરવા સાથે અલ્લાહની ખુશનૂદી અને કુરબત હાંસિલ કરે છે.

હવે સવાલ એ છે કે અલ્લાહની ખુશનૂદી કેવી રીતે હાંસિલ થાય?

જેનો જવાબ બહુજ સહેલો છે.

અલ્લાહની ખુશનૂદી હાંસિલ કરવાનો વસીલો તેના એહકામની તાબેદારી છે.

કુર્આને કરીમે આ વાતને કઈક આવી રીતે બયાન કરી છે.

"અમે જીન અને ઈન્સાનને પૈદા નથી કર્યા સિવાય કે તેઓ મારી ઈબાદત કરે".

ઈબાદતનો અર્થ અહીંયા ઈતાઅત અને બંદગીનો છે. અલ્લાહ ફરમાવે છે કે અમે ઈન્સાનને ફકત ઈતાઅત (તાબેદારી) માટેજ પૈદા કર્યા છે.

હવે સવાલ એ પૈદા થાય છે કે અલ્લાહના તે એહકામ કયા છે જેની આપણે પાબંદી કરવી જોઈએ? અને આ હુકમો આપણને કયાંથી જાણવા મળી શકે?

આ સવાલનો જવાબ કંઈક આ રીતે છે.

અલ્લાહના બધા એહકામ કુર્આનમા લખાએલ છે.

કુર્આન હિદાયત છે. નુર છે. ફુરકાન છે. અને ઈન્સાની ઝિંદગી માટે એક સંપુર્ણ કાનુન છે જે અલ્લાહે વહી દવારા નબીએ કરીમ સ.અ.વ. ઉપર નાઝિલ કર્યા છે.

કુર્આનના મુતઅલ્લીક ખુદ અલ્લાહનો ઈરશાદ છે કે

"આ કુર્આન અકલ અને દાનીશનો મજમૂઓ છે હિદાયત છે રહેમત છે ઈમાન અને યકીન રાખનારાઓ માટે"

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

"આ કુર્આન પૂરી દુનિયા માટે નસીહત છે."

"આ કુર્આન અમે ઉતાર્યુ છે આ બરકત વાળું છે માટે તેના એહકામ પર ચાલો"

"આ એવી કિતાબની વાત છે જે હિકમતથી ભરપુર છે"

"અય નબી અમે તમારા પર આ કિતાબ ઉતારી જેમા દરેક ચીઝને ચોખ્ખી બયાન કરી દીધી. આ કીતાબ મુસલમાનો માટે હિદાયત, રેહમત અને ખુશનજરી છે"

આ રેહમત બરકત અને હિદાયતવાળુ કુર્આન જે ઈલ્મ અને યકીનથી ભરપૂર છે તે આપણને એક એવી ઝિંદગીનો રસ્તો બતાવે છે, જે ઈઝ્ઝત અને કામયાબીવાળો છે.

કુર્આન એક એવા કાનુનોનો મજમૂઓ છે, જે આપણને ઝિંદગીમાં ઈઝ્ઝત, અને આખેરતમાં નજાતની ઝમાનત આપે છે. અને આપણે આજ કાનૂનો પર અમલ કરી આપણી ઝિંદગીનો મકસદ હાસિલ કરી શકીએ છીએ. કુર્આનના એહકામની પાબંદી કરવાથી અલ્લાહની ખુશનૂદી હાસિલ કરી શકીએ છીએ. માટે કુર્આન પઢવુ અને કુર્આન સમજીને પઢવુ આપણા માટે ખુબજ જરૂરી છે.

## સવાલ

(૧) દુનિયાની દરેક ચીઝ શા માટે પૈદા કરવામાં આવે છે? પાંચ ચીઝોનું વર્ણન કરો જે આપણને ફાયદો આપે છે.

(૨) ઈન્સાનની ઝિંદગીનો હેતુ બયાન કરો. અને તે માટે કુર્આને કરીમ શું ફરમાવે છે?

(૩) કુર્આન શું છે? તે માટેની કુર્આને પાકની ત્રણ આયતો લખો.

(૪) જન્નત શું છે અને તેના હકદાર કોણ લોકો છે?

(૫) કુર્આનથી આપણને શું ફાયદો પહોચે છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 23

# ફરિશ્તાઓ

જે પ્રમાણે ખુદાએ ઝમીન પર માટીથી ઇન્સાનને પૈદા કર્યો એજ પ્રમાણે નૂરથી એક મખ્લુક (પ્રાણી) પૈદા કર્યા છે. જેનું નામ ફરિશ્તા છે. ફરિશ્તાઓ પોતાની પૈદાઇશથી જ માસૂમ હોય છે. એમનાથી કોઇ ભૂલ થતી નથી. એ લોકો દર વખતે અલ્લાહની ઈબાદત કરતા હોય છે. કોઇ રૂકૂઅ (ઝુકેલા)માં હોય છે તો કોઇ સજદામાં, કોઇ કયામમાં હોય છે તો કોઇ તસ્બીહમાં. ફરિશ્તાઓને ખુદાએ વિવિધ (ભિન્ન ભિન્ન) કામો માટે પૈદા કર્યા છે. કોઇને ઝમીનનો ઇન્તેજામ સોંપ્યો છે તો કોઇને આસમનનો, કોઇને પાણી પર મુકર્રર કર્યા છે તો કોઇને હવા પર.

આ ફરિશ્તાઓમાં ચાર ફરિશ્તાઓ અધિક મશહૂર (પ્રખ્યાત) છે :

**૧. જીબ્રઇલ :**

જે આપણા નબી પાસે કુરઆન લઇને આવતા.

**૨. મીકાઇલ :**

જે બંદાઓની રોઝી એના સુધી પહોંચાડે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**૩. ઈસરાફીલ :**

જેના એક સૂર (ભોંપુ) ફૂંકવાથી પૂર્ણ સંસાર નષ્ટ થઈ જશે.

**૪. ઈઝરાઈલ :**

જેમનું કાર્ય લોકોની રૂહ કાપવું અર્થાત મારવું છે.

# સવાલ

૧. અલ્લાહે ફરીશ્તાને કઈ વસ્તુથી પૈદા કર્યા, તેનાથી કોઈ ભૂલ થાય છે ?

૨. તે ફરીશ્તાનું નામ બતાવો જે બંદાને રોઝી પહોંચાડે છે.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 24

# બરકત અને નહૂસત

### અસબાબે બરકત (ઉન્નતિના કાર્ય)

૧. સૂર્ય ડૂબવાના પહેલાં ઘરમાં રોશની કરવી.
૨. ઘરમાં પ્રવેશ કરતા પહેલાં તૌહીદની સૂરા (સૂરત) પઢવી.
૩. જમણ જમવા પહેલાં અને પછી હાથ ધોવા.
૪. અકીક, યાકુત અને ફીરોઝાની અંગુઠી પહેરવી.
૫. સવારે વ્હેલા ઉઠવું.
૬. મસ્જિદમાં અઝાનથી પહેલાં પહોંચવું.
૭. પાક રહેવું.
૮. નમાઝના પછી તાકીબાત (દુઆઓ) પઢવી.
૯. અઝીઝો (સંબંધીઓ) સાથે સારો વર્તાવ (વર્તણુક) કરવો.
૧૦. ઘરને સ્વચ્છ રાખવું.
૧૧. મોમિનની જરૂરતોને પૂર્ણ કરવી.
૧૨. રોઝીની ફીક્રમાં સવારે નીકળી જવું.
૧૩. મુઅઝ્ઝિનની અઝાનને દોહરાવવું.
૧૪. દસ્તરખાન ઉપર પડેલા ટુકડાઓને વીણીને અદબથી ખાવું.
૧૫. રાત્રે વુઝૂ કરીને સુવું.

## સવાલ

૧. અસબાબે ખૈરો બરકતમાંથી કોઇ પાંચ અસબાબ બયાન કરો.
૨. 'રોઝીની તલાશમાં ઘરમાંથી સવારે નિકળવું' અને 'અઝાનને દોહરાવવું' અસબાબે બરકતમાં છે કે અસબાબે નહૂસતમાં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 25

# નહૂસત (પરેશાનીનાં કાર્ય)

૧. ઊભા રહીને પેશાબ કરવું.
૨. ઊભા રહીને જમણ જમવું.
૩. મોઢાથી દિવો બુઝાવવો.
૪. દામન અથવા આસ્તીનથી મોઢું લુછવું.
૫. હમ્મામ (સ્નાન ગૃહ)માં પેશાબ કરવું.
૬. માટીથી હાથનું ધોવું.
૭. લસણ અને પ્યાજના છિલકા બાળવા.
૮. કબ્ર ઉપર બેસવું.
૯, ચૌખટ (ઉમરા) ઉપર બેસવું.
૧૦. દાંતથી નખ કાપવા.
૧૧. ફકીરોથી કતરાવવું.
૧૨. કલમ પર પગ મૂકવું.
૧૩. માકડીનું ઘર (જાળુ) ઘરમાં રાખવું.
૧૪. જનાબતની હાલતમાં કંઈક ખાવું.
૧૫. ઊભા રહીને વાળ ઓળવવા.
૧૬. રાત્રે ઊભા રહીને પાણી પીવું.
૧૭. કચરો ઘરમાં રાખવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


૧૮. ઊભા રહીને પાયજામો પહેરવો.

૧૯. સવારની નમાઝ પછી અને સૂર્ય નિકળવા પૂર્વ સુઇ જવું.

# સવાલ

૧. અસબાબે નહૂસતમાંથી કોઇ પાંચ નહૂસત વર્ણવો.

૨. કબ્ર ઉપર બેસવું અને બેતહારત સુવામાં ક્યુ બરકતમાં છે અને ક્યુ નહૂસતમાં ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 26

# આદાબે બંદગી

## (બંદગીના નિયમો)

યદિ અલ્લાહ આપણને યાદ રહે તો આપણે કોઈ દિવસ ગુનાહ નહીં કરીએ. કારણ કે અલ્લાહ ગુનાહથી નારાજ (ક્રોધિત) થાય છે. જે રીતે કોઈ સારો દિકરો પોતાના પિતાને નારાજ નહીં કરે એ જ પ્રમાણે એક સાચો મુસલમાન પોતાના અલ્લાહને કેવી રીતે નારાજ કરશે ? એક સાચા મુસલમાન હોવાના લીધે આપણી ફર્ઝ છે કે આપણે ગુનાહોથી બચીએ અને અલ્લાહનો હુકમ માનીયે. એટલે કે આવશ્યક છે કે આપણે અલ્લાહને યાદ રાખીએ. અલ્લાહની યાદથી દિલ પાક રહે છે. આપણા કામોમાં બરકત પૈદા થાય છે અને નહૂસત દૂર થાય છે.

**એટલે જ આદત પાડો કે જ્યારે :**

૧. કોઈ કામ શરૂ કરો તો બિસ્મીલ્લાહ કહો.

૨. કોઈ કામ ખત્મ કરો તો અલહમ્દોલિલ્લાહ કહો.

૩. કોઈ બુરાઈ જુઓ અને કરો તો "અસ્તગફેરૂલ્લાહ" કહો.

૪. કોઈ સારી વસ્તુ જુઓ અથવા કરો તો "સુબ્હાનલ્લાહ" કહો.

૫. ઉઠતા બેસતા "લાહવ્લ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ" કહો.

૬. ગમની ખબર સાંભળો તો "ઈન્નાલિલ્લાહે વ ઈન્ના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એલયહે રાજેઉન" કહો.

૭. ખુશીની ખબર સાંભળો તો "માશાઅલ્લાહ" કહો.

૮. કોઈ વાયદો કરો તો "ઇન્શાઅલ્લાહ" કહો.

૯. જ્યારે કોઈથી છૂટા પડો તો "ફીઅમાનિલ્લાહ" કહો.

૧૦. જ્યારે કોઈ નેઅમત પાઓ તો "શુકરનલિલ્લાહ" કહો.


૧૧. જ્યારે કોઈ ખરાબ (બુરો) ખ્યાલ દિલમાં આવે તો "અઉઝોબિલ્લાહ" કહો.

૧૨. અજીબ વસ્તુ જુઓ તો "અલઅઝમતોલિલ્લાહ" કહો.

# સવાલ

૧. અલ્લાહને યાદ રાખવાના શું ફાયદાઓ છે ?

૨. યાદ રાખવા માટે આપણે શું કરવું જોઈએ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 27
# આદાબે ઝિંદગી

૧. હસન અને હુસૈન મારા ફૂલ છે : હઝરત રસૂલે કરીમે કહ્યું કે, સારી સંતાન ફૂલ છે. જે અલ્લાહે પોતાના બંદાને પ્રદાન કરી છે. અને સંસારમાં મારા ફૂલ હસન અને હુસૈન છે.

૨. દિકરીઓ નેકી અને દીકરાઓ નેઅમત છે : હઝરત ઈમામ જઅફર સાદિક અ.એ કહ્યું છે કે, દીકરીઓ નેકી અને દિકરા નેઅમત છે. નેકીયો ઉપર તમને સવાબ અપાશે અને નેઅમતોના વિષયમાં તમારાથી સવાલ પુછાશે.

૩. છોકરાઓના નામ નબીના નામ ઉપર રાખવા જોઈએ : હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.)એ બતાવ્યું છે કે, હઝરત રસૂલે ખુદાનું ફરમાન છે કે જે માણસને જો ચાર પુત્ર હોય તો એમાંથી જો એકનું નામ પણ મારા નામ ઉપર ન રાખે તો એણે મારા પર ઝુલ્મ કર્યો એમ માનશે.

૪. અઝાન અને અકામત પછી શૈતાનનો હૂમલો નથી થતો : હઝરત મુરસલે આઝમ (આપણા રસૂલ)એ કહ્યું છે કે, જ્યારે બચ્ચું પૈદા થાય (જન્મ લે) ત્યારે એના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં અકામત કહેવી જોઈએ. એનાથી બચ્ચુ શૈતાને રજીમના શરથી મહફૂઝ (સુરક્ષિત) રહેશે.

૫. અકીકા અને મુંડનમાં અંતર : હઝરત ઈમામ જઅફરે સાદિક અલૈહિસ્સલામનું કહેવું છે કે, જ્યારે બાળક જન્મે ત્યારે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એનો અકીકો કરાવવો જોઈએ. તેનું માથું મુંડાવી એના વાળની બરાબર સદકો કરવો જોઈએ.

મૂંડન અને અકીકો અલગ અલગ કામ છે. બંનેનું એક સાથે સાતમાં દિવસે થવું મુસ્તહબ છે. જો સાતમાં દિવસે મૂંડન ન થાય તો અકીકો થવો જોઈએ. એટલે જાનવરની બલી આપવી જોઈએ. અને વાળ મુંડાવવા આવશ્યક નથી.

૭. હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલૈહિસ્સલામનો હુકમ છે કે, જ્યારે બાળક ત્રણ વર્ષનું થાય તો એનાથી સાત વાર "લાઈલાહા ઈલ્લલ્લાહ" કહેવડાવવું જોઈએ. બે દિવસ પછી એનાથી "મોહમ્મદુર્ રસૂલુલ્લાહ" કહેવડાવવું જોઈએ. જ્યારે ચાર વર્ષનો થાય ત્યારે એને કહેવું કે "સલ્લલ્લાહો અલા મોહમ્મદીન વ આલે મોહમ્મદ" કહો. જ્યારે પાંચ વર્ષનું થાય ત્યારે એને દક્ષિણ અને ઉત્તરની ઓળખાણ કરાવવી જોઈએ, અને જ્યારે એ જાણી જાય તો એનું મોઢું કિબ્લા તરફ ફેરવી સજદાનો હુકમ આપો. અને છ વર્ષનો થાય ત્યારે એને રૂકૂઅ અને સુજૂદની તાલીમ (શિક્ષા) આપો. જ્યારે સાત વર્ષનું થાય ત્યારે એને હાથ અને મોઢું ધોવું શીખવાડો. જ્યારે વુઝૂ શીખી લે તો એને નમાઝનો હુકમ આપો. અને જ્યારે બાળકની ઉમ્ર નવ વર્ષ થાય ત્યારે એ તમામ આદાબે વુઝૂ શીખી લે તો એને નમાઝનો હુકમ આપો. અને નમાઝ ન પઢવા પર બચ્ચાને મારો. જ્યારે એ વુઝૂ અને નમાઝ શીખી લેશે તો અલ્લાહ એના મા અને પિતાને બખ્શી દેશે. (મુઆફ કરશે.) ઈન્શાઅલ્લાહ.


Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. રસૂલે ખુદાએ કોને પોતાના ફૂલ કહ્યા છે ?

૨. હઝરત અલીએ તરબિયતે ઔલાદ (સંતાનની શિક્ષા)ના સિલસિલા (સંબંધ)માં શું હિદાયત (નિર્દેશ) આપી છે ?

૩. મુંડન અને અકીકામાં શું તફાવત છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 28
# દુઆએ કુમૈલ

તમે જોયું હશે કે ઘણાં લોકો શબે જુમ્આના દિવસે એક દુવા પઢે છે. જેનું નામ દુઆએ કુમૈલ છે. આ દુઆના ઘણાં ફાયદા છે. દુનિયામાં માણસની રોઝીમાં બરકત થાય છે. આખેરતમાં એના ગુનાહો બખ્શી દેવાય છે. આ દુઆને દુઆએ કુમૈલ એ માટે કહે છે કે, આ દુઆ હઝરત અલીએ પોતાના શાગિર્દ હઝરત કુમૈલને બતાડી હતી. હઝરત કુમૈલનું ખાનદાન (વંશ) ઘણું શરીફ હતું. એ પોતાના કૌમના સરદાર હતા. એક દિવસ બાદશાહે કોઇ વાત ઉપર આપને તમાચો માર્યો તો આપે એનાથી બદલો લેવાનો વિચાર કર્યો. અને એ તૈયાર પણ થઇ ગયો. પણ આપે એને ક્ષમા (મુઆફ) કરી દીધો. બાદશાહનું બદલા માટે રાઝી થવું એ ઉપરથી જાણી શકાય કે જનાબે કુમૈલનો ઘણો રોબ હતો અને લોકો એનાથી ડરતા હતા. નહીં તો બાદશાહ કોઇ વખતે કોઇને બદલો નથી લેવા દેતા. હઝરત કુમૈલે પોતાના હકને મુઆફ કરીને બતાડી દીધું કે હઝરત અલીના ચાહવા વાળાઓનો આજ હાલ થાય છે. એ સદા પોતાના જાતિ (વ્યક્તિગત) હકને છોડી શકે છે. પણ અલ્લાહ અને રસૂલનાં બારામાં કોઇ રિઆયત (છુટછાટ) નહીં કરે.

## સવાલ

૧. દુઆયે કુમૈલને દુઆયે કુમૈલ શું કારણથી કહે છે ?
૨. હઝરત કુમૈલ કોણ હતા ?
૩. બાદશાહનો કુમૈલ સાથે કેવો વર્તાવ હતો ?
૪. કુમૈલનો બાદશાહ સાથે કેવો વર્તાવ હતો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 29

# માલિક ઈબ્ને નુવેરા

આ રસૂલુલ્લાહના સહાબી હતા. એમને હઝરતે મુસલમાનોથી ઝકાત ઈત્યાદિ માલ ભેગા કરવા માટે વકીલ બનાવ્યા હતા. આપ રસૂલુલ્લાહની મૌત સુધી પોતાના ઓહદા (પદ) ઉપર રહ્યા. પરંતુ હઝરત રસૂલે ખુદાના ઈન્તેકાલ પછી જ્યારે મદીના આવ્યા તો જોયું કે લોકોએ હઝરત અલીને મૂકીને જબરદસ્તી બીજાને ખલીફા બનાવ્યા છે. એણે ખલીફાને કહ્યું કે, તમો તમારી હેસિયત પર બાકી રહો અને આ જગ્યાને એના અહલનાં હવાલે કરી દો. રસૂલુલ્લાહ ગદીરે ખુમનાં મૌકા પર હઝરત અલીને પોતાના જાનશીન બનાવી ચુકયા છે. હવે કોઈ બીજાને હુકૂમત કરવાનો અધિકાર નથી. પછી ઝકાતનો માલ એને આપવાથી ઈન્કાર કર્યો. એટલે ખાલિદ બિન વલીદને, જે બહુ ઝગડાલુ માણસ હતો, ફૌજનો સરદાર બનાવી મોકલાવ્યો. એણે માલિકની કૌમ પર જબરદસ્તી હુમલો કર્યો અને બધાને કત્લ કરી નાખ્યા અને મુસલમાનોની જાનમાલ, ઈઝ્ઝત અને આબરૂની કોઈ પરવાહ ન કરી. યદ્યાપી માલિક ઈબ્ને નુવેરા કત્લ થતી વખતે પણ કલમો પઢીને પોતાના મુસલમાન હોવાનો એલાન (ઘોષણા) કરી રહ્યા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ


૧. માલિક ઈબ્ને નુવેરા કોણ હતા ?

૨. એમનું શું કામ હતું ?

૩. હુકૂમતે એમના પર શું કામ ચઢાઈ કરી ?

૪. ખાલિદે એમના સાથે કેવો વર્તાવ કર્યો ?

૫. માલિક હઝરત અલી અ.સ.ને ખલીફા કેમ માનતા હતા ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# કમ્બર

રસૂલે ખુદા સ.અ.વ.પહેલા દુનિયામાં લોકો બીજા દેશો અથવા બીજા કુંટુબ કબીલા પર હુમલો કરી આદમીઓને ગુલામ બનાવતા હતા.અને ગુલામો સાથે ખુબજ બુરો વર્તાવ કરતા હતા.ગુલામોને આદમી પણ સમજતા નહી. જયારે રસૂલે ખુદા સ.અ.વ.એ ઈસ્લામ ફેલાવ્યો ત્યારે અલલાહનો આ પૈગામ પણ બતાવ્યો કે બીજી કૌમ પર ચઢાઈ કરવી બહુજ બુરી વસ્તુ છે. બીજા લોકોને ગુલામ બનાવી તેઓ સાથે બુરો વર્તાવ કરવો તે ઈન્સાનીયતની વિરૂધ્ધ છે. હ.અલી અ.સ.એ ગુલામો સાથે સારો વર્તાવ કરી દુનિયાવાળાઓને એક પાઠ ભણાવી દીધો છે.

આપનો એક ગુલામ હતો.જેનુ નામ કમ્બર હતું. જે બહુંજ વફાદાર,બહાદૂર અને ઈતાઅત કરનાર હતા. કમ્બર એવા બહાદૂર ગુલામ હતા,કે જયારે હજ્જાજ બિન યૂસુફે વિચાર્યુ કે હ.અલી અ.સ.ના ચાહવાવાળાને કત્લ કરાવી દેવામાં આવે. ત્યારે કમ્બરને બોલાવ્યા અને પુછયુ: કે શું તું જે કમ્બર છો? કમ્બરે કહ્યુ: હા!

હજ્જાજ પુછયુ: શું અલી ઈબ્ને અબીતાલિબ તારા આકા હતા?

કમ્બરે કહ્યુ: બેશક!

હજ્જાજ કહ્યુ: હવે તુ અલીના દીનથી નફરતનું એલાન કર.

કમ્બરે કહ્યુ: શું કોઈ એવો પણ દીન છે જે હ.અલી અ.સ.ના દીન કરતા બેહતર હોય?

આ સાંભળી હજ્જાજ ગુસ્સે થયો અને કહ્યું: હવે તું કઈ રીતે કત્લ થવાનું પસંદ કરીશ?

કમ્બરે કહ્યુ : જેવી રીતે તને કયામતના દિવસે મારા હાથે કત્લ થવાનું પસંદ હોય.

કમ્બર જેવી રીતે એક વફાદાર ગુલામ હતા, તેવીજ રીતે હ.અલી અ.સ.પણ તેમની સાથે બરાબરનો વર્તાવ કરતા હતા.એક વખત હ.અલી અ.સ.એ બજારમાંથી બે કાપડ ખરીદયા જેમાં એક સારૂં હતું અને બીજું જરાક નબળુ હતું. હ.અલી અ.સ.એ સારૂં કાપડ કમ્બરને આપ્યું અને નબળુ કાપડ પોતાના માટે રાખ્યુ. કમ્બરે હાથ જોડીને કહ્યુ : મૌલા તમે આકા છો માટે તમે સારા કપડા પહેરો આપે ફરમાવ્યું કમ્બર! તું હજી જવાન છો અને જવાનોએ સારા કપડા પહેરવા જોઈએ.મારી ઉમ્ર તારા કરતા વધારે છે.મારી માટે આ સામાન્ય કાપડજ બરાબર છે.

## સવાલ

(૧) દુનિયાવાળાઓ રસૂલે ખુદા સ.અ.વ.ના ઝમાના પહેલા આદમીઓને કેવી રીતે ગુલામ બનાવતા?અને તેઓ સાથે કેવો વ્યવ્હાર કરતા હતા?

(૨) જ.કમ્બર કોણ હતા? અને જ.કમ્બરની હજજાજ બિન યૂસુફ સાથેની વાતચીતનો ઉલ્લેખ કરો.

(૩) હ.અલી અ.સ.નો જ.કમ્બર સાથેનો વ્યવ્હાર લખો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 31

# ભેદભાવ

આપણા નબીએ કરીમ સ.અ.વ.ની તાલીમ છે,કે બધા લોકો ભલે પછી તેઓ ગોરા હોય કે કાળા,અમીર હોય કે ગરીબ, બધા એક સરખા છે.બધા આદમ અ.ની ઔલાદ છે. એટલે બધા બરાબર છે.

રંગ,જાત,ખાનદાન,વતન કે દૌલતના કારણે ન કોઈ ઉચો થઈ જાય છે અને ન કોઈ નીચો થઈ જાય છે. ઈઝ્ઝત અને બુઝુર્ગી ફકત અમલથી હોય છે. અલ્લાહ ફરમાવે છે, કે જે ઈન્સાન જેટલો વધારે પરહેઝગાર હોય છે (જે અલ્લાહથી ડરે છે) તે અલ્લાહની નઝદીક એટલોજ વધારે ઈઝ્ઝત વાળો હોય છે.

હ.ઈમામ અલી રઝા અ.સ.ની ખિદમતમાં એક માણસ આવ્યો. જે બહુજ પૈસાદાર પણ હતો. અને ઉચા ખાનદાનથી પણ હતો. તેને પોતાની દૌલતનો અને ખાનદાન બન્નેનો ઘમંડ હતો. ઈમામ જમવા બેઠા અને મહેમાનને પણ પાસે બેસાડયો. સુફરા પર જમવાનું રાખવામાં આવ્યું. ત્યાર પછી ઈમામે નોકરોને જમવા માટે બોલાવ્યા. તો નોકરો પણ આપની સાથે સુફરા પર બેસી ગયા.

દૌલતમંદ મહેમાનને આ વાત પસંદ ન આવી, કે સામાન્ય નોકરો અને પૈસાદારની પાસે બેસી ગયા! પરંતુ ઈમામ તો ઈસ્લામના રેહબર છે. તેમના દરબારમાં આવો ઘમંડ શું કામનો ? તેઓ બધા ઈન્સાનને બરાબર અને આપસમાં ભાઈ સમજતા હતા.માટે ઈમામે એજ કર્યુ જે ઈસ્લામનો હુકમ હતો.

દૌલતમંદ મહેમાને ઈમામને કહ્યું કે નોકરોને આપણી સાથે જમવા ન બેસાડો તેઓથી કહો કે તે લોકો અલગ બેસીને જમે.

ઈમામે જયારે આ સાંભળયું ત્યારે આપ બહુજ નારાઝ થયા. અને ફરમાવ્યું કે અલ્લાહ એક છે. અને બધા આદમી તેના બંદા છે. બધા ઈન્સાન એક દાદા આદમ અ.સ.ની ઔલાદ છે. માટે બધા બરાબર છે. અને બધા એક બીજાના ભાઈ છે. તેઓમાં નાના મોટાનો કોઈ તફાવત નથી.

મહેમાન આ સાંભળી બહુજ શરમાઈ ગયો.અને તેણે તૌબા કરી કે હવે પછી કોઈ દિવસ ઈન્સાનોમાં ઉંચ નીચનો વિચાર નહીં કરે.

આપણા નબીએ અકરમ સ.અ.વ.અને તેમની આલે પાકે હંમેશા આ તાલીમ આપી છે, કે બધામુસલમાનોને પોતાના ભાઈ સમજો.અને બધાને એક સરખા જાણો.ઉંચ,નીચના ભેદ ભાવનો ખ્યાલ દિલમાંથી કાઢી નાખો. તેમાજ બધા ઈન્સાનોની ભલાઈ છે.

**સવાલ**

(૧) ભેદભાવ વિષે નબીએ કરીમની તાલીમ શું છે?

(૨) ઈમામ રઝા અ.સ.એ તે ઘમંડી પૈસાદારને શું ફરમાવ્યું?

(૩) નબીએ કરીમ સ.અ.વ.અને તેમની આલે પાકની ઈન્સાનોની ભલાઈ વિષેની તાલીમ બતાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 32
## તકય્યા

હામિદ અને મહમૂદ બન્ને રાત્રીના આંઠ વાગ્યે સીધા રસ્તાથી ઘરે જઈ રહયા હતા. ચાલતા ચાલતા અંધારામાં એક ચમકદાર વસ્તુ દેખાણી. હામિદ હિમ્મત કરી આગળ વધ્યો. ત્યાં એક સાંપ ફેણ કાઢી બેઠો હતો. હામિદ ચીખ મારી પાછો આવ્યો. અને મહમૂદને કહ્યુઃ કે હવે બીજા રસ્તાથી જાવું પડશે કારણકે આ રસ્તામાં સાંપ છે. મહમૂદે કહ્યુઃ કે હું તો આજ રસ્તાથી જઈશ. મારી મમ્મી એ કહ્યું છે, કે હમેંશા સીધા રસ્તેથી ચાલવું જોઈએ. આડા રસ્તેથી ચાલવું બુરા છોકરાઓનું કામ છે.

હમિદે કહ્યુઃ તારી વાત સાચી છે. અને તારી મમ્મીએ પણ બરાબર કહ્યુઃ છે. અને મારી મમ્મીએ પણ મને આ રીતે જ શીખવાડયું છે. પંરતુ ભાઈ અત્યારે રસ્તામાં સાંપ છે. તો કઈ રીતે જઈ શકશું

મહમૂદે કહ્યુઃ સાંપ હોય તો શુ થંયું ? હામિદે જવાબ આપ્યો સાંપ આપણને કરડી જાશે તો આપણે બન્ને મરી જઈશું.

મહમૂદે કહ્યુઃ હું સીધો રસ્તો નહીં છોડુ. ભલે મારી જાન કેમ ન ચાલી જાય! અને આ મારા વડીલોની તાલીમ છે. માટે હું સીધા રસ્તાને છોડી નથી શકતો.

હામિદે કહ્યુઃ ભાઈ આ બેવકુફી છે. આ કાર્યને ફરમાં બરદારી ન કહેવાય! અને જો ભાઈ ઈન્સાનની ઝિંદગીમાં ઘણી વખત એવા સંજોગો આવી પડે છે કે, ઈન્સાને થોડી વાર માટે સીધો રસ્તો છોડી આડા રસ્તે ચાલવું પડે છે. અને જીવ બચાવવા માટે આ કાર્ય ઐબ નથી. બલ્કે આ વસ્તૂને જ અકલમંદી કહેવાય છે. જાન હૈ તો જહાન હૈ જીવતા રહેશું તો હંમેશા સીધા રસ્તા પર ચાલી શકશું. અને અગર જો મરી ગયા તો કોઈ દિવસ સીધા રસ્તે ચાલવું નસીબ નહીં થાય.

મહમૂદને આ વાત બહુજ પસંદ આવી. અને તેણે કહ્યુઃ તારી વાત તો સાચી પંરતુ આમ કરવાથી કદાચ ખુદા નારાઝ થઈ જશે તો ? હામિદે કહ્યુઃ હરગીઝ ખુદા નારાઝ નહીં થાય. શું તને નથી ખબર ? રસૂલે ખુદા સ.અ.વ.ના એક સહાબી અમ્મારે યાસિર એક વખત મક્કામાં કાફિરો વચ્ચે ફસાઈ ગયા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને કાફિરોએ જ.અમ્મારે યાસિરને રસૂલે ખુદા સ.અ.વ.વિરૂધ્ધ બોલવા પર મજબૂર કર્યા હતા.અને ત્યાર પછી જ.અમ્માર રડતા રડતા રસૂલે ખુદા સ.અ.વ.પાસે આવ્યા. અને કહ્યુઃ કે મારી ઝબાનથી તમારા વિરૂધ્ધ શબ્દો નિકળી ગયા છે. ત્યારે કુર્આને શરીફની આયત નાઝિલ થઈ, કે મજબૂરીમાં સીધા રસ્તાને છોડનાર પર કોઈ અઝાબ નહીં થાય. પણ તે સાથે શર્ત છે કે તેના દિલમાં હોય કે મજબૂરી ખત્મ થતાજ સીધા રસ્તા પર આવી જશે.

મહમૂદના દિલમાં આ વાત બેસી ગઈ અને ખૂશ થઈ તેણે પુછયું ભાઈ આપણા દીને ઈસ્લામમાં આ વસ્તૂને શું કહેવાય છે? હામિદે જવાબ આપ્યો "તકય્યા".

## સવાલ

(૧) મહમૂદ શા માટે સીધો રસ્તો છોડવા નહોતો ચાહતો?
(૨) હામિદે ઈસ્લામના કયા વાકેઆથી મહમૂદને સમજાવ્યો?
(૩) હામિદ અને મહમૂદે શા માટે સીધો રસ્તો છોડયો?
(૪) મજબૂરીમાં સીધા રસ્તાને છોડવા સાથે ઈસ્લામે શું શર્ત રાખેલ છે?
(૫) મજબૂરીમાં સીધા રસ્તાને છોડવાને ઈસ્લામમાં શું કહેવામાં આવે છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 33

# જેહાદ

રસૂલે ખુદા સ.અ.વ.પહેલા અરબ દેશના લોકો વચ્ચે લડાઈ જઘડો વધારે થતો હતો.તેઓની ફિતરતમાં લડાઈનો શોખ છુપાએલ હતો.તેઓ નાની નાની વાતો પર તલવાર ઉઠાવી લેતા હતા.અને પછી લાંબા સમય સુધી આપસમાં લડાઈ કરતા હતા.એક એક ઊંટ અને એક એક ઘોડા માટે ચાલીસ ચાલીસ વર્ષો સુધી લડાઈ કરતા હતા.અરબ લોકો પોતાની આ હાલત પર બહુજ વધારે ખૂશ હતા.અને લડાઈ કરવાને પોતાની બહાદૂરી સમજતા હતા.જયારે રસૂલે ખુદા સ.અ.વ.એ દીને ઈસ્લામને ફેલાવ્યો ત્યારે તેમણે આ પણ બતાવ્યું કે વાત વાતમાં લડવુ તે બહાદૂરી નથી, બલ્કે વહેશીપણું છે.આ બહુજ મોટી બેવકુફી છે કે, ઈન્સાન પોતાની જાત પર કાબૂ ન રાખી શકે અને એક જાનવર માટે વર્ષો સુધી આદમીનું ખુન વહાવતો રહે. જયારે કે ઈન્સાનની કદ્રો-કિંમત જાનવરો કરતા ઘણી વધારે છે.માટે રસૂલે ખુદા સ.એ જંગની જગ્યાએ જેહાદ રાખી દીધુ.અને જેહાદમાં માસૂમની રજામંદીને વાજીબ કરી દીધી.જેથી લડાઈમાં જોશની સાથે હોશ પણ બાકી રહે.રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે,કે સૌથી મોટો જેહાદ એ છે, કે ઝાલિમ બાદશાહની બાદશાહીનો ખયાલ કર્યા વગર તેની સામે હકક વાત કહી દેવામાં આવે.રસૂલે ખુદા સ.અ.વ.ના આ કૌલને આપના ખાસ સહાબીઓ એ અપનાવી લીધો.આ ખાસ સહાબીઓ માંથી એક જ.અબૂઝર પણ હતા.આપ હ.અલી અ.સ.ના ખાસ ચાહવાવાળાઓમાંથી હતા.તેમણે જયારે જોયુ કે હુકૂમત મુસલમાનોનો માલ લૂટી લૂટીને ભેગો કરી રહી છે.ત્યારે આપ બહાદૂરીની સાથે દરબારમાં ગયા અને ખુલ્લા શબ્દોમાં અલ્લાહે બતાવેલ હુકમને બયાન કરી નાખ્યો.કે જે લોકો સોનું-ચાંદી ભેગુ કરે છે.અને તેને રાહે ખુદામાં ખર્ચ નથી કરતા. તેઓ પર કયામતના દિવસે સખ્ત અઝાબ થશે.આ તકરીરનો અસર એ થયો કે હુકૂમતે આપને બહુજ ખરાબ જગ્યા "રબઝા" મોકલાવી દીધા.અને આપ તેજ મુસાફરી દરમ્યાન આ દુનિયાથી વફાત પામી ગયા.

## સવાલ

(૧) રસૂલે ખુદા સ.અ.વ.પહેલા અરબ લોકોની હાલત કેવી હતી?

(૨) રસૂલે ખુદા સ.અ.વ.એ લડાઈની બદલે શું રાખ્યુ? અને તેમા શું શર્ત રાખી? અને શા માટે?

(3) સૌથી માટો જેહાદ કયો છે?

(૪) સૌથી મોટો જેહાદ રસૂલે ખુદા સ.અ.વ.ના સહાબીએ કેવી રીતે કર્યો? તેનું શું પરીણામ આવ્યું?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 34
# તકલીદ

ખુદાએ આ દુનિયામાં કોઈ વસ્તુ નકામી નથી પૈદા કરી અને અમને ઈબાદત માટે પૈદા કર્યા છે. એટલે અમારૂં કર્તવ્ય (ફરીઝો) છે કે અમે દીન (ધર્મ)ના બધાજ આદેશો પર અમલ કરીએ જેને ખુદાએ અમારા માટે મુકર્રર કર્યા છે અને એ જાહિર છે કે અમલ (કાર્ય) કરવું એ ઇલ્મ પ્રાપ્ત કર્યા વગર શક્ય નથી. એટલે જ પ્રથમ એ આદેશોની જાણકારી પ્રાપ્ત કરવું આવશ્યક છે, અને એ દરેક માણસના વશની વાત નથી, કે એ કુરઆન અને હદીસથી અલ્લાહનાં આદેશોને જ્ઞાત કરી શકે. એટલે જ આવશ્યક છે કે દીનના ઇલ્મ (જ્ઞાન)ને જાણવા વાળા માણસથી આદેશોની જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ, અને એના બનાવેલા અહકામ ઉપર અમલ કરે એનું નામ તકલીદ છે.

એક મુસલમાન માટે જરૂરી છે કે ઉસૂલે દીન સંબંધી પોતાના અકીદાને પોતાની બુધ્ધિ અને પારખ શક્તિથી સમજીને માન્ય રાખે, અને ઉસૂલે દીનના બારામાં એ તકલીદ કરી શકતો નથી. એટલે કે માત્ર જાણકારોના કથન ઉપર આધાર રાખી માની લેવું પૂરતું નથી.

સામાન્ય રીતે જ્યારે એક શખ્સ ઈસ્લામના સત્ય અકીદા ઉપર યકીન ધરાવતો હોય અને તે મુજબ અમલ કરી અકીદાનું પ્રદર્શન કરતો હોય, અગરચે એ પૂરી સમજણને પરિણામે ન હોય, ત્યારે પણ એ શખ્સ મુસલમાન અને મોઅમીન ગણાશે, અને તેના ઉપર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈસ્લામના તમામ હુકમો લાગુ પડશે.

દીનના જેટલા નિશ્ચિત, નિર્વિવાદ અને ચોક્કસ એહકામ છે, એ સિવાય બાકીના એહકામ માટે યા તો મુજતહિદ હોવું જરૂરી છે, જેથી દલીલો વડે એ હુકમોને જાણી શકાય; અને યા તો મુજતહિદની તકલીદ કરવી જોઈએ.

આજકલ આકાએ અલીહુસૈન સિસ્તાની સાહબ તથા સય્યદ અલી ખામનાઈ સાહબ આલમ છે. તકલીદ કરવાવાળાઓની ફર્ઝ (કર્તવ્ય) છે કે એ આલમના મસાએલની જાણકારી કરીને એના પ્રમાણે કાર્ય કરે.

# સવાલ

૧. તકલીદનો શું અર્થ છે ?

૨. આજકાલ કોણ આલમ છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 35

# તહારત અને નજાસત

પ્રત્યેક વસ્તુ પાક (પવિત્ર) છે જ્યાં સુધી એનું નજિસ હોવું જ્ઞાત ન હોય. કોઈ પાક વસ્તુ કેવળ તે જ વખતે નજિસ (અપવિત્ર) થશે જ્યારે કોઈ નજિસ વસ્તુ એનાથી મળી જશે, અને બંનેમાંથી કોઈ એક ભીની હોય. જો આપણને એમ ખબર છે કે કોઈ વસ્તુ પાક છે અને પછી એના નજિસ (નાપાક) હોવાનો શક (શંકા) પૈદા થાય તો શંકાના લીધે એ વસ્તુ નજિસ (નાપાક) ન માની શકાય, પરંતુ પાક (પવિત્ર) સમજી શકાશે. અગર વગર શકથી એની નજાસતનું ગુમાન (સંભાવના) પણ પૈદા થઈ જાય તો પણ કેવળ ગુમાનના કારણસર એ વસ્તુ નજિસ ન થઈ શકે અને જ્યાં સુધી નજાસતનું પૂરૂં યકીન ન થઈ જાય ત્યાં સુધી પાક રહેશે.

**નજાસત ત્રણ પ્રકારથી જ્ઞાત કરી શકાય :**

**પ્રથમ :** જાતિ ઈલ્મ (નીજી જાણકારી) અર્થાત આપણે પોતે પોતાની આંખોથી કોઈ વસ્તુને નજિસ થતા જોઈએ.

**બીજું :** બે આદિલ (ઈમાનદાર) ગવાહી આપે કે આ વસ્તુ નજિસ છે. એક આદિલની ગવાહી પૂર્ણ ન કહેવાય, અલબત્ત જોકે એક જ આદિલની ગવાહીથી યકીન થઈ જાય તો પણ એ યકીન પર અમલ કરાશે અને એને નજિસ સમજી શકાશે.

**ત્રીજું :** જે માણસના કબ્જામાં વસ્તુ હોય અને એ કહે કે એ નજિસ છે. ચાહે એ માલિક હોય અથવા ભાડૂત હોય, થોડા સમય માટે હોય અથવા એના પાસે અમાનત હોય. જેના કબ્જામાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વસ્તુ છે એનું આદિલ હોવું આવશ્યક નથી.

**તહારત (પવિત્રતા)ની જાણકારીના પણ ત્રણ ઉપાય છે :**

**પ્રથમ** : નીજી જાણકારી અર્થાત એને પાક થતા પોતાની આંખથી જોવું.

**બીજું** : બે આદિલ ગવાહી આપે કે આ વસ્તુ પાક છે.

**ત્રીજું** : જેના કબ્જામાં એ વસ્તુ છે એ કહે કે આ વસ્તુ પાક છે. યદી કોઈ વસ્તુના નજિસ હોવાનું આપણને પહેલાથી જ ઈલ્મ હોય અને પછી એ વસ્તુના પાક થવાની શંકા (શક) અથવા ગુમાન (સંભાવના) પૈદા થાય તો પણ એ વસ્તુ નજિસ રહેશે. અલબત્તા જો એ વસ્તુ એટલા જ સમય માટે આપણી આંખોથી ઓઝલ રહે, જેમાં એને પાક કરી લેવાનું ઈમ્કાન છે, તો એ વસ્તુ પાક માની શકાય.

અગર કોઈ માણસ માટે શક પૈદા થાય કે એ મુસલમાન છે કે કાફિર, તો એનાથી ખાવા પીવાની વસ્તુ અથવા બીજી વસ્તુઓ ખરીદી શકીએ છીએ. ચાહે એ સુકી હોય અથવા ભીની. એ વસ્તુઓને પાક જ સમજવું જોઈએ. છાનબિનની કોઈ જરૂર નથી.

## સવાલ

૧. અગર પાક વસ્તુના નજિસ હોવાનો શક અથવા ગુમાન પૈદા થાય તો શું કરશો ?
૨. પાક વસ્તુને નજિસ ક્યારે સમજશો ?
૩. ઈલ્મનો શું અર્થ છે ?
૪. ગવાહીનો શું અર્થ છે ?
૫. નજિસ વસ્તુને પાક ક્યારે માની લેશો ?
૬. જે માણસનું મુસલમાન હોવું અથવા ન હોવું ખબર ન હોય એનાથી કંઈ ખરીદી શકાય કે નહીં ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 36

# નજિસ અને પાકના

## થોડા મસાયેલ (ઉદાહરણ)

દૂધ, દહીં, ઘી, જૈતૂનનું તેલ અને એ જ પ્રમાણેની વસ્તુઓમાં જે વસ્તુ જામી ગયેલી (થીજેલી) હોય તો, અગર નજાસત પડી જાય તો, જ્યાં નજાસત પડી જાય બસ એટલી જ જગ્યા નજિસ થાય, બાકી પાક છે અને જો વસ્તુ વહેવાવાળી છે તો વસ્તુ પૂરી નજિસ થઈ જશે.

વસ્તુ જામેલી છે કે વહેવાવાળી (તરલ) છે એ જાણવા માટે એક ચમચી કાઢીને જોવું. જો ચમચીમાં તરત જ ભરાઈ જાય તો તરલ સમજવું અને જો ચમચીની જગ્યા ન ભરાય અથવા થોડી વાર પછી ભરાય તો બંને સૂરતોમાં જ્યાં નજાસત પડી હતી, બસ એટલી જ જગ્યા અને એના આજુબાજુની જગ્યાને નજિસ માનવું જોઈએ. અને ચમચીથી એટલી મિકદાર (માત્રા) કાઢી લેવા પછી જે માત્રા રહેશે એ પાક રહેશે.

નજિસ વસ્તુનું ખાવું પીવું હરામ છે અને બીજાને પણ નજિસ ખવડાવવું હરામ છે. કુરઆને મજીદ, મસ્જિદ, મસ્જિદનું ફર્શ, નબીયોં અને ઈમામોની કબ્રને નજિસ કરવું હરામ છે. અગર આ જગ્યાઓ નજિસ થઈ જાય તો એને તુરંત પાક કરવું વાજિબ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ


૧. જો થીજેલા દૂધ અથવા ઘીમાં નજાસત પડી જાય તો શું તે બધુ જ નજિસ થઇ જશે ?

૨. જો દૂધ, ઘી થીજેલું ન હોય અને એમાં નજાસત પડી જાય તો શું હુકમ છે ?

૩. પદાર્થ તરલ છે કે નહીં એ કેવી રીતે જાણી શકાય ?

૪. નજિસ ખાવા પીવાનો શું હુકમ છે ?

૫. કઇ વસ્તુઓને નજિસ કરવું હરામ છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 37
# બૈતુલ ખલાના આદાબ (નિયમ)

પ્રત્યેક મનુષ્યને વાજિબ છે કે પ્રત્યેક હાલતમાં પોતાની શર્મગાહ (ગુપ્ત અંગો)ને સંતાડીને રાખે અને જ્યારે પાખાનામાં જાય ત્યારે પણ સંતાડે. બીજાની શર્મગાહને જોવું પણ હરામ છે.

પેશાબ કર્યા પછી પાણી નાખવું વાજિબ છે. વગર પાણીથી પેશાબની તહારત નથી થઈ શકતી. પાખાના પછી એને ઈખ્તિયાર છે કે ચાહે આબદસ્ત પાણીથી કરે અથવા ત્રણ પથ્થર, કાગળ અથવા એજ પ્રકારની કોઈ વસ્તુથી સાફ કરી દે. પણ જે વસ્તુથી સાફ કરે એનું પાક હોવું જરૂરી છે. જો એક પત્થરથી સાફ થઈ જાય તો એના પર બસ નહીં કરવું જોઈએ, પરંતુ ત્રણ પત્થરોથી સાફ કરવું જરૂરી છે. જો ત્રણથી દૂર ન થાય તો જેટલા પત્થરોથી દૂર થાય એનો પ્રયોગ કરવું વાજિબ છે.

ઢેલા ઈત્યાદિથી તહારત કરવામાં ત્રણ શર્તો સામે રાખવી જોઈએ :

(૧) પાખાના પોતાની જગ્યાથી આગળ ન ફેલી જાય.

(૨) કોઈ નજાસત અલગથી પાખાનાની જગ્યાએ ન લાગી હોય.

(૩) ખૂન ન નીકળ્યું હોય, જો આ શર્તોમાંથી એક શર્ત પણ ન હોય તો કેવળ પાણીથી જ તહારત થઈ શકશે. ઢેલા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈત્યાદિથી તહારત નહીં થઈ શકે.

જ્યારે કોઈ માણસ પેશાબ અથવા પાખાના માટે બેસે તો એના પર વાજિબ છે કે બેસવાની હાલતમાં એના શરીરનો રૂખ એ પ્રમાણે હોય કે કિબ્લો એની સામે ન હોય તેમજ તેની પીઠ તરફ પણ ન હોય.

# સવાલ

૧. કોઈને નગ્ન જોવું અથવા કોઈના સામે નાગું થવું કેવું છે ?

૨. પેશાબ અને પાખાનાની તહારતમાં શું અંતર છે ?

૩. પાણી સિવાય કઇ વસ્તુઓથી પાખાનાની તહારત થઈ શકે અને એની શું શર્તો છે ?

૪. જ્યારે ત્રણથી ઓછા પત્થરથી પાખાના સાફ થઈ જાય અથવા ત્રણ પત્થરથી પણ સાફ ન થાય તો બતાડો કે બંને સૂરતોમાં શું કરવું જોઈએ ?

૫. પાખાના, પેશાબ કરતી વખતે કેવી રીતે બેસવું જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 38

# નજિસ વસ્તુઓ

દસ નજિસ વસ્તુઓ એવી છે જે પાક નથી થઈ શકતી. એને "નજાસાત" કહેવાય છે.

(૧) પેશાબ : મનુષ્ય અને દરેક એ જાનવરનું પેશાબ નજિસ છે જેનું ગોશ્ત ખાવું હરામ છે અને ઝબ્હ કરતી વખતે એની ગર્દનથી ખૂન ઉછળીને નીકળે.

(૨) પાખાના : જેનું પેશાબ નજિસ હોય છે એનું પાખાનું પણ નજિસ હોય છે.

(૩) મની : મની પ્રત્યેક મનુષ્ય અને જાનવરની નજિસ છે. ચાહે એનું ગોશ્ત હલાલ હોય કે હરામ.

(૪) મુર્દા : મનુષ્ય અને એ જાનવરનું મુર્દા નજિસ છે જેની રગથી ઝબ્હ કરતી વખતે ખૂન ઉછળીને નીકળે. ચાહે જાનવર પોતે મરી ગયો હોય અથવા શરીઅતના વિરૂદ્ધ ઝબ્હ કર્યો હોય. મુસલમાનની લાશ ગુસ્લ આપવા પછી નજિસ નથી રહેતી.

(૫) ખૂન : મનુષ્ય અને એ દરેક જાનવરનું ખૂન નજિસ છે જે ખૂને જહિન્દા (ઉછળીને નિકળવાવાલું ખૂન) રાખતું હોય. માછલી, માંકડ, મચ્છરનું ખૂન એટલે નજિસ નથી કે એમાં ઉછળવાવાળું લોહી નથી.

(૬-૭) કૂતરો અને સુવ્વર : ઝમીન ઉપર રહેવાવાળા કુતરા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સૂવ્વરનું પૂરૂં બદન નજિસ છે. જો તરી સાથે કોઇનું શરીર અથવા લિબાસ એનાથી મસ થઇ જાય તો એને પણ નજિસ કરી નાખશે.

(૮) કાફીર : પ્રત્યેક એ મનુષ્ય નજિસ છે જે અલ્લાહ અને રસૂલનો ઈન્કાર કરે છે અથવા એવા મસઅલા (સિદ્ધાંત)નો ઈન્કાર કરે છે જે ઈસ્લામના જાબિર અને બધા મુસલમાનોમાં ઈત્તેફાકી હોય. ઉદા. નમાઝ રોઝાનું વાજિબ હોવું. આજ કારણ છે કે નમાઝ રોઝાની હંસી ઉડાવવાવાળો મુસલમાન કાફીર થઇ જાય છે, અને કાફિર નજિસ છે. બલ્કે એમને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું પણ જાયેઝ નથી.

(૯) શરાબ અને ફૂકાઅ : દરેક પ્રકારની શરાબ નજિસ છે અને એનું પીવું હરામ છે. પરંતુ બીજી નશાવાળી વસ્તુઓ ભાંગ, ગાંજા, ચરસ આદિ નજિસ નથી. પરંતુ એનું ખાવું પીવું હરામ છે. જવથી બનાવેલી શરાબ પણ નજિસ અને હરામ છે. પરંતુ હકીમોનું બનાવેલું "આબે જવ" (જવનું પાણી) શરાબ નથી પણ પાક છે.

(૧૦) નજાસત ખાનાર હૈવાનનો પરસેવો.

## સવાલ

૧. કયા કયા જાનવરનું મુર્દાર નજિસ છે ?

૨. દરિયાઇ કુતરો અને સુવ્વર નજિસ છે કે નહીં ?

૩. નમાઝની મજાક ઉડાવવાવાળો પાક છે કે નજિસ ?

૪. જું અને માખીનું ખૂન નજિસ છે કે પાક ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 39
# પાણી

પાણી બે પ્રકારના છે :

## (૧) મુજાફ પાણી :

એટલે એ વહેવાવાળી વસ્તુ જેણે વગર કોઈ રૂકાવટથી કેવળ પાણીના કહી શકાય. ઉદા. ગુલાબનું અરક, લિંબુનું પાણી ઈત્યાદિ. જોવામાં ગુલાબનું અરક અને લિંબુનું અરક પણ પાણી જેવું લાગે છે. પરંતુ એ ખાલિસ (શુદ્ધ) પાણી નથી. મુજાફ પાણી ઓછું હોય અથવા વધારે નજાસતથી મળતાની સાથે જ નજિસ થઈ જાય છે, અને મુજાફથી ન તો તહારત થઈ શકે ન વુઝૂ થઈ શકે, ન તો ગુસ્લ (સ્નાન) થઈ શકે.

## (૨) ખાલિસ પાણી :

જે વગર કોઈ કૈદ (રૂકાવટ)થી પાણી કહી શકીયે. ખાલિસ પાણી ચાર પ્રકારના છે : (૧) કલીલ પાણી (ઓછું પાણી) (૨) કસીર પાણી (વધારે પાણી), (૩) જારી પાણી (વહેવાવાળું પાણી) (૪) વર્ષાનું પાણી.

### (1) કલીલ પાણી :

આ પાણીએ ઠહરેલું પાણી છે જે એક કુરથી ઓછું હોય અને જારી ન હોય. આ પાણી નજાસતથી મળતાને જ નજિસ બની જાય છે. ચાહે તેનો રંગ, મહેક અને મજા ન બદલે. આ પાણીથી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તહારત, વુઝૂ અને ગુસ્લ કરી શકાય છે.

(II) કસીર પાણી :

એ રોકાયેલું પાણી જે એક કુર અથવા એનાથી વધુ હોય.

કુર : એ પાણી જેને માપીયે તો સાડા ત્રણ બાલિશ્ત (વેંત) લાંબુ, સાડા ત્રણ બાલિશ્ત પહોળું અને સાડા ત્રણ બાલિશ્ત ઉંડુ હોય.

આ તે જ વખતે નજિસ થાય જ્યારે એનો રંગ અથવા મહેક અથવા મજા નજાસતથી મળીને બદલાય જાય.

(III) જારી પાણી :

યાની એ પાણી જે ધરતીમાંથી ફૂટીને નીકળે પછી એ કુર ભર હોય અથવા એનાથી ઓછું હોય. આ પાણી કેવળ નજાસતના પડવાથી નજિસ નથી થતું. પરંતુ જ્યાં સુધી નજાસતમાં મળવાથી રંગ અથવા મહેક અથવા મજા ન બદલાઈ જાય.

(IIII) વર્ષાનું પાણી :

વરસતી વખતે વર્ષાના પાણી માટે એજ હુકમ છે જે જારી પાણી માટે છે. પરંતુ એટલું છે કે એને વર્ષા કહી શકાય છે.

કલીલ પાણી ઉપર વર્ષા થઈ રહી હોય તો વર્ષા સમાપ્ત થવાના પહેલા સુધી એ પાણી જારી પાણી માની શકાય, અને જ્યારે પાણી વરસીને રોકાઈ જાય તો વર્ષાના પાણીનો હુકમ પણ કલીલ પાણી થઈ જશે, અને જો કોઈ જગ્યાએ એટલું પાણી વરસી જાય કે એ કુર અથવા કુરથી અધિક થઈ જાય તો પછી એ જારી પાણીના હુકમમાં સમજી શકાશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. પાણી કેટલા પ્રકારનું હોય છે ?

૨. મુજાફ પાણીનો શું હુકમ છે ?


૩. ખાલિસ પાણી કેટલા પ્રકારનું હોય છે ?

૪. કલીલ પાણી કોને કહેવાય ? અને તેનો શું હુકમ છે ?

૫. કસીર પાણી કોને કહે છે ? અને તેનો શું હુકમ છે ?

૬. કુર કોને કહે છે ? તેનું માપ બતાવો.

૭. વર્ષા જ્યારે કલીલ પાણી પર થઈ રહી હોય તો એનો શું હુકમ છે ? અને જ્યારે વર્ષા રોકાઈ જાય તો એનો શું હુકમ છે ? વર્ષાનું પાણી કુરથી ઓછું હોય તો એના માટે શું હુકમ છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 40

# પાણીથી તહારત

શરીર અથવા બીજી કોઇ વસ્તુ જેમાં નજાસત નથી સમાતી જો પેશાબથી નજિસ થઇ જાય તો બે વખત ધોવું જોઇએ. જો પેશાબના સિવાય કોઇ બીજી નજાસત લાગવાથી નજિસ થઇ જાય તો આબે કલીલ અને આબે કસીર બંનેથી એક વાર ધોવું જોઇએ. પરંતુ બે વાર ધુએ એ અધિક સારૂ છે.

કપડા અથવા કોઇ બીજી વસ્તુમાં નજાસત સમાઇ જાય છે, અગર પેશાબથી નજિસ થઇ જાય તો બે વાર એવી રીતે ધુવે કે એક વખત પાણી નાખીને નીચોડે પછી બીજી વખતે પાણી નાખીને પાછું નીચોડે.

અગર પેશાબના સિવાય કોઇ બીજી વસ્તુથી નજિસ થઇ જાય તો નજાસત દૂર કર્યા પછી આબે કલીલથી એક વખત ધોઇને નિચોડવું કાફી છે.

## સવાલ

૧. અગર પેશાબથી શરીર નજિસ થઇ જાય તો એની તહારત કેવી રીતે થશે ?

૨. પેશાબના સિવાય બીજી નજાસતથી શરીર નજિસ થઇ જાય તો આબે કલીલથી તહારત શી રીતે થશે ?

૩. જો બદન પેશાબ અથવા બીજી કોઇ નજાસતથી નજિસ થઇ જાય તો આબે કસીરથી શી રીતે તહારત થઇ શકશે ?

૪. જો પેશાબથી કપડું નજિસ થાય તો કેવી રીતે પાક કરશો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 41

# વાસણને પાક કરવું

જો વાસણ નજિસ થઇ જાય તો આબે કલીલથી ત્રણ વાર ધોવાથી વાસણ સાફ થઇ જશે.

પાક કરવાની રીત એ છે કે, એ વાસણમાં ત્રણ વાર પાણી નાખી પાણીને વાસણમાં જ અંદર ફેરવવું અને ફેંકી દેવું અથવા ત્રણ વખતે વાસણમાં પાણી ભરી તુરંત પાણી ફેંકી દેવું.

આબે કસીર, આબે જારી અને વર્ષાનું પાણી જ્યારે વરસી રહ્યું હોય તો એક વખત ધોવું કાફી છે. પરંતુ સારૂ એ છે કે ત્રણ વાર ધુએ.

જો કોઇ વાસણને કુતરો ચાટી જાય તો પ્રથમ એ વાસણ પાક માટીથી માંજીને સાફ કરવું જોઇએ. પછી બે વખત પાણીથી ધોવું જોઇએ. પરંતુ જો કસીર પાણી અથવા જારી પાણી હોય તો કેવળ એક વખત ધોવું કાફી થશે.

## સવાલ

૧. કુતરો જો વાસણ ચાટી જાય તો એ વાસણને કેવી રીતે પાક કરવું જોઇએ ?

૨. કલીલ અને કસીર પાણીથી નજિસ વાસણ કેટલી વખત ધોવું જરૂરી છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 42

# ઝમીન અને સુરજ દ્વારા તહારત

પગનો તળિયા (તલવો) અથવા બુટનો તલો (તળો) નજિસ થઇ જાય તો ઝમીન પર ચાલવાથી નજાસત દૂર થવાથી, પાક થઇ જશે. પણ શર્ત એ હોય કે ઝમીન સુકી હોવી જોઇએ. તલવો અથવા બુટનો તલો સુકા હોવું આવશ્યક નથી.

ઝમીન અથવા જે વસ્તુ પોતાની જગ્યાથી ખસેંડી ના શકાય, ઉદા. ઘર, ઝાડ એવા વાસણ જે ઝમીનમાં ગાડેલા છે, અથવા મોટી મોટી ચટાઇઓ, જો આ વસ્તુ નજિસ થાય અને ભીંગાઇ જાય અને પછી સૂરજની ગરમીથી સુકાઇ જાય તો અસલ નજાસતના દૂર થવા પછી પાક થઇ જશે. અને જો સુકી નજાસત લાગે તો એ સ્થાન પર પાણી નાખી દેવું અને સુકાઇ જાય તો પાક થઇ જશે. જે વસ્તુઓ હટાવી શકાતી હોય એને આ રીતે પાક ન કરી શકાય.

સૂરજથી તહારતનો અર્થ એ છે કે સૂરજની શુઆઓં (કિરણો) સીધી નજાસત પર પડે, અને વસ્તુ પણ સૂરજની ગરમીથી સુકાવી જોઇએ, હવા ઇત્યાદિથી ન સુકાવી જોઇએ.

## સવાલ

૧. ઝમીન કઇ વસ્તુઓને સાફ કરી શકે છે અને કઇ શર્તોથી ?
૨. સૂરજ કઇ વસ્તુઓને પાક કરી શકે છે ?
3. પગના તળિયા અથવા બુટનો તલો (તળો) જો નજિસ થઇ જાય તો એ ઝમીનથી કઇ રીતે પાક થઇ શકશે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 43

# તહારતની બે મખ્સૂસ સૂરતો

મનુષ્યના સિવાય બીજા જાનવર પાક છે. ઉદા. ઘોડો, બિલાડી, ઊંટ ઇત્યાદિ. જો એમના શરીર પર નજાસત લાગી જાય તો પાણીથી પાક કરવાની જરૂર નથી. કેવળ નજાસતનું દૂર થવું કાફી છે.

ઇન્સાનના ભીતરી હિસ્સાઓ (અંગો) ઉદા. નાક, કાન આદિના ભિતરી ભાગ જો નજિસ થઇ જાય તો એને પણ પાણીથી પાક કરવું જરૂરી નથી. પરંતુ કેવળ નજાસતનું દૂર થવું કાફી છે. પરંતુ જે દેખાવા વાળા અંગો છે એની નજાસત દૂર કરવું કાફી નથી, પરંતુ પાણીથી સાફ કરવું જરૂરી (આવશ્યક) છે.

## સવાલ

૧. ઘોડાના શરીર પર અગર ખૂન અથવા કોઇ નજાસત લાગી હોય તો કેવી રીતે પાક થશે ?

૨. જો બિલાડીનું મોઢું નજિસ થઇ જાય અને નજાસત દૂર થયા પછી એ કોઈ વાસણમાં ખાઇ લે અથવા પી લે તો શું એ વાસણ નજિસ થઇ જશે ?

3. મોઢું અથવા નાક અંદરથી નજિસ થઇ જાય તો કઇ રીતે પાક થઇ શકે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 44

# વુઝૂ

વુઝૂનો અર્થ છે નિય્યતના સાથે ચહેરો અને બંને હાથોનં ધોવું અને માથાની અને બંને પગની મસહ કરવી.

ચહેરાને લંબાઈમાં માથાના વાળ ઉગવાની જગ્યાથી હુડ્ડીના કિનારા સુધી અને પહોળાઈમાં અંગુઠા અને વચલી આંગળીના વચ્ચેનો ચહેરો ધોવું વાજિબ છે. બલ્કે વાજિબ ચહેરાથી થોડો અધિક ભાગ અને નાકના અંદરનો પણ થોડો ભાગ (હિસ્સો) લઈ લેવું. જેથી ચહેરાના પૂરા વાજિબ હિસ્સાનું ધોવું યકીની થઈ જાય.

બંને હાથોને કોણીથી આંગળીઓના સિરા સુધી ધોવું અને કોણીના થોડા ઉપરથી પાણી નાખવું જોઈએ. જેથી પૂરી કોણીના ધોવાઈ જવાનો યકીન થઈ જાય.

માથાની મસહ પૂરી હથેળીથી પણ કરી શકાય, અને એક આંગળીથી પણ કરી શકાય. પરંતુ ઓછામાં ઓછા ત્રણ આંગળીઓથી મસહ કરવું સારૂ છે.

માથાનો મસહ માથાના આગળના હિસ્સાઓ અને એના પર ઉગેલા વાળ પર કરવો જોઈએ. પરંતુ જો આગળના હિસ્સા પર એટલા મોટા વાળ હોય કે ફેલાઈ જાય, જેથી કરીને માથાથી આગળના હિસ્સામાં વધી જાય તો એ વધેલા વાળો પર મસહ કરવું જાયેઝ નથી. બલ્કે વાળ હટાવીને ચામડી (ખાલ) પર મસહ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કરવું જોઇએ.

પગની મસહની પહોળાઇ કેવળ નામમાત્ર હોવું કાફી છે. પરંતુ સારૂં એ છે કે ત્રણ આંગળિયોથી કરવું જોઇએ. પરંતુ લંબાઇમાં પગની આંગળીના સિરાથી ટખના સુધી મસહ કરે.

જો મસહ માટે માથા પર હાથ મૂકે અને હાથ ખેંચવાની જગ્યાએ માથાની હરકત થાય તો મસહ સહી ન કહેવાય.

એ જ પ્રમાણે જો પગની મસહ કરતી વખતે હાથ પગ પર મૂકે અને હાથ ફેરવવાની બદલે પગ ખેંચે તો એ દશામાં પણ મસહ સહી ન થઇ શકે. કારણ કે આ માથાની અને પગની મસહ નહીં, પરંતુ માથા અને પગ દ્વારા હાથોની મસહ કરી કહેવાય.

મસહ હથેળીની વધેલી તરીથી કરવી જોઇએ. જો તરી મસહ કરવા પહેલા જ સુકાઇ જાય તો ચહેરા અને હાથો પર જે તરી બાકી રહી ગઇ છે એનાથી લેવી જોઇએ અને બેહતર એ છે કે ડાઢી ઉપર જે તરી હોય એનાથી તરી લઇ મસહ કરે. એના સિવાય કોઇ બીજા પાણી અથવા તરીથી મસહ કરવું સહી નથી.

# સવાલ

૧. વુઝૂ શું છે ?

૨. ચહેરો લંબાણમાં અને પહોળાઇમાં કેટલો ધોવો જોઇએ ?

૩. હાથોને કેટલું ધોવું જોઇએ ?

૪. જો હાથની તરી મસહથી પહેલા જ સુકાઇ જાય તો શું કરવું જોઇએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 45
# વુઝૂ કઈ વાતોથી તુટી જાય છે?

પાંચ વાતોથી વુઝૂ તુટી જાય છે :

(૧) પેશાબ નિકળવું, (૨) પાખાના નિકળવું, (૩) પાખાનાની જગ્યાથી હવા નિકળવી, (૪) પ્રત્યેક એ કાર્ય જેનાથી અકલ ખત્મ થઈ જાય. ઉદા. બેહોશી, પાગલપન, (૫) એવી ઉંઘ જે આંખો અને કાનો પર ગાલિબ લઈ આવે, (૬) ઈસ્તેહાઝા (૭) જનાબત.

અગર આંખો ઉંઘના ઝોકાથી બંધ થઈ જાય પણ કાન બેદાર હોય તો વુઝૂ નહીં તૂટે. વગર વુઝૂથી કુરઆનના અક્ષરો (હરફ) અને અલ્લાહના નામને સ્પર્શ કરવું હરામ છે. પરંતુ કુરઆનના સાદા પાના અથવા સતરોનાં વચમાની જગ્યા, હાંશિયા, કિનારા અથવા જિલ્દને સ્પર્શ કરવું હરામ નથી.

નબિઓ, માસૂમ ઈમામો અને જનાબે ફાતેમા ઝહરા (સ.)ના નામોને પણ વગર વુઝૂથી ન અડકાય.

## સવાલ

૧. વુઝૂ કઈ વાતોથી તૂટી જાય છે ?

૨. અગર આંખોમાં ઉંઘ હોય, પરંતુ કાનો પર ન હોય તો શું વુઝૂ તુટી જાય છે ?

૩. વગર વુઝૂએ કઈ વસ્તુઓને અડવું હરામ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 46
# વુઝૂની શર્તો

વુઝૂની દસ શર્તો (નિયમ) છે.

(૧) **નિય્યત :** એટલે કે દિલમાં એ ઈરાદો કરે કે કેવળ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે વુઝૂ કરી રહ્યો છું. દુનિયાને બતાવવાના ઈરાદાથી વુઝૂ કરવું વુઝૂને ભંગ કરી દે છે.

(૨) પાણી પાક હોય : નજિસ પાણીથી વુઝૂ સહી ન થાય.

(૩) વુઝૂના અંગ પાક હોય, જો નજિસ હોય તો વુઝૂથી પહેલા પાક કરી લેવું જોઈએ.

(૪) ખાલિસ પાણીથી વુઝૂ કરવું જોઈએ, મુઝાફ પાણી એટલે ગુલાબ જલ ઈત્યાદિથી વુઝૂ સહી નથી.

(૫) પાણી મુબાહ હોય એટલે કે ગસ્બી (છીનવેલું) ન હોય જે વાસણમાં હોય એ પણ મુબાહ હોય, જ્યાં બેસીને વુઝૂ કરે એ જગ્યા પણ મુબાહ હોય. અગર ગસ્બી પાણીથી અથવા ગસ્બી વાસણમાં પાણી લઈને અથવા ગસ્બી જગ્યા પર બેસીને વુઝૂ કરે તો વુઝૂ ઠીક (સહી) ન કહેવાય.

(૬) અગર વુઝૂના અંગો પર કોઈ વસ્તુ એવી મૌજુદ હોય જે ખાલ સુધી પાણી ન પહોંચવા દે, તો વુઝૂથી પૂર્વ એને હટાવી દેવું જરૂરી છે. આથી અગર આંગળીમાં અંગુઠી હોય તો એને ઉતારી દેવું, અથવા એને હલાવી દેવું. જેથી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાણી પહોંચી જાય. એ જ પ્રમાણે અંગ ઉપર મેલ એટલો હોય કે જે પાણીને ખાલ સુધી પહોંચવા ન દે તો, એ મેલને કાઢવું વાજિબ છે.

(૭) **તરતીબ :** તરતીબનો અર્થ એ છે કે પહેલા ચહેરાનું ધોવું પછી જમણો હાથ, પછી ડાબો હાથ ધુએ. એના પછી પહેલા માથાની મસહ કરે. પછી જમણા પગની અને પછી ડાબા પગની મસહ કરે. અગર તરતીબ ખલાસ થઇ જાય તો ફરીથી એ જ હિસ્સાને ધોવું જોઇએ. જેનાથી તરતીબ બગડી છે. ઉદા. જો કોઇએ પહેલા જમણો હાથ ધોયો અને પછી ચહેરા પર પાણી નાખે તો વુઝૂ ઠીક ન કહેવાય. ત્યારે ફરીથી પહેલા ચહેરો ધુએ, પછી જમણો હાથ ધુએ અને એના પછી વુઝૂને પૂરૂં કરે.

(૮) **મવાલાત :** એટલે કે પહેલા અંગના સુકાવા પૂર્વ બીજા અંગને ધોઇ લેવું જોઇએ. ઉદા. ચહેરાના સુકાયા પૂર્વ જમણો હાથ ધુએ અને જમણો હાથ સુકાવવા પહેલા જ ડાબો હાથ ધુએ.

(૯) પાણીના ઉપયોગથી કોઇ બીમારીનો ખતરો ન હોય.

(૧૦) વુઝૂ કરવું ખુદ જરૂરી છે. પરંતુ મજબુર શખ્સને બીજો શખ્સ વુઝૂ કરાવી શકે છે. પરંતુ નિય્યત ખુદ વુઝૂ કરવા વાળાએ કરવી પડશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. વુઝૂની શું શર્તો છે ?

૨. નિય્યત શું છે ?


૩. જો વુઝૂના અંગ નજિસ હોય તો શું કરવું જોઇએ ?

૪. મુજાફ પાણીથી વુઝૂ સહી છે કે નહીં ?

૫. અગર હાથમાં વીંટી હોય તો શું કરવું જોઇએ ?

૬. જો હાથમાં નેઈલ પોલીશ લાગેલ હોય તો શું કરવું જોઇએ ?

<u>નોંધ :</u> વુઝૂની શરતો તૌઝીહમાં હોય તે બતાવવી.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 47

# તહારત અને હદસ

જો પહેલાથી બા વુઝૂ હોય અને કોઈ કારણસર શંકા આવે કે વુઝૂ તૂટી છે કે નહીં એવી શંકાની તરફ ધ્યાન ન આપવું જોઈએ. અને વુઝૂને બાકી સમજવું જોઈએ. ઉદા. કોઈ મનુષ્યની આંખો ઉંઘતામાં બંધ થઈ જાય અને શંકા આવે કે ઉંઘ આવી ગઈ હતી કે નહીં તો એનું વુઝૂ નહીં તૂટે.

એ જ પ્રમાણે જો શંકા હોય કે વુઝૂના પછી પેશાબ અથવા પાખાના કર્યું છે કે નહીં તો એ હાલતમાં વુઝૂ બાકી રહેલી સમજવી જોઈએ. અને શંકાની તરફ કોઈ ધ્યાન ન આપવું જોઈએ.

પરંતુ જો પહેલાથી વુઝૂ ન કર્યું હોય અને શંકા આવે કે વુઝૂ કર્યું છે કે નહીં તો ફરીથી વુઝૂ કરવું જોઈએ. પરંતુ અગર આ શંકા નમાઝના પછી પૈદા થાય તો એટલે નમાઝ પઢી લેવાના પછી શંકા પૈદા થાય કે મેં વુઝૂ કર્યું હતું કે નહીં તો એ હાલતમાં (દશામાં) નમાઝ બીજી વાર ન પઢવી જોઈએ. પરંતુ હવે પછીની નમાઝો માટે વુઝૂ કરવું જોઈએ. પરંતુ જો નમાઝના વચમાં આ શક ઉત્પન્ન થાય તો નમાઝ તોડી દે અને વુઝૂ કરીને ફરીથી નમાઝ પઢે.

## સવાલ

૧. જો તહારતનું યકીન હોય ને હદસની શંકા આવે તો શું કરવું?
૨. અગર હદસનું યકીન હોય અને તહારતની શંકા આવી જાય તો શું હુકમ છે ?
૩. અગર નમાઝના વચ્ચે શંકા આવે કે વુઝૂ કર્યું છે કે નહીં તો શું કરવું જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 48

# ગુસ્લ

વાજિબ ગુસ્લ (સ્નાન) ૭ છે : (૧) જનાબત (૨) મસે મય્યત (મુર્દાને સ્પર્શ કરવું) (૩) મય્યત (૪) કસમ, નજર વગેરેનું ગુસ્લ. આ ચાર ગુસ્લ મર્દો અને બૈરાઓ બંને પર વાજિબ છે, પરંતુ બૈરાઓ પર આ ગુસ્લની સિવાય (૫) હૈઝ (૬) નિફાસ (૭) ઈસ્તેહાઝાના ગુસ્લ પણ વાજિબ છે.

જનાબત અને હૈઝની હાલતમાં ત્રણ વાતો હરામ છે : (૧) મસ્જિદ અને ઝિયારતની જગ્યાએ જવું (૨) કુરઆને મજીદનાં હરફો (અક્ષરો)ને સ્પર્શ કરવું (૩) જે સૂરામાં વાજિબ સજદાઓ છે એને વાંચવું.

ગુસ્લના બે પ્રકાર છે : (૧) તરતીબી (૨) ઈરતિમાસી

ગુસ્લ તરતીબીના અલગ અલગ પ્રકાર (તરીકાઓ) :-

ગુસ્લે તરતીબી એ રીતે કરાય કે પહેલા શરીરથી ગન્દગી, ચિકનાઈ વગેરે દૂર કરે, શરીરને પાક કરે પછી એ નિય્યત કરે કે 'ગુસ્લ' કરૂં છું, 'કુર્બતન એલલ્લાહ'. એના પછી માથું અને ગર્દન ધુએ, પછી શરીરનો જમણો હિસ્સો અને પછી ડાબો હિસ્સો એ પ્રમાણે ધુએ કે પાણી જીલ્દ (ચામડી) સુધી પહોંચી જાય. ચાહે હાથ ફેરવીને જ પુરા શરીર પર પાણી પહોંચાડે.

સમુદ્ર (દરિયો) અથવા તળાવમાં ગુસલે તરતીબી કરવાની એક રીત એ પણ છે કે, ત્રણ વખત પાણીમાં ડૂબકી લગાડે. એક

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વાર માથાની નિય્યતથી, બીજી વાર શરીરના જમણા હિસ્સાની નિય્યતથી અને ત્રીજી વાર ડાબા અંગની નિય્યતથી.

માથું અને ગર્દન ધોતી વખતે એ જરૂરી છે કે માથા અને ગર્દનના સિવાય થોડો હિસ્સો વધારે ધુએ.

એ જ પ્રમાણે શરીરનો જમણો ભાગ ધોતી ખતે ડાબા ભાગનો થોડો હિસ્સો અને ડાબો ભાગ ધોતી વખતે જમણા ભાગનો પણ થોડો હિસ્સો ધુએ, જેથી યકીન થઈ જાય કે જેટલું ધોવું વાજિબ હતું, ધોવાઈ ગયું.

ગુસ્લે તરતીબીમાં એ ઈખ્તિયાર છે કે, જે તરફથી શરૂ કરવું હોય કરે. ઉપરથી નીચે સુધી ધોવાની શર્ત નથી! બલ્કે ચાહે ઉપરથી શરૂ કરે અથવા નીચેથી અથવા વચ્ચેથી. ગુસ્લે તરતીબીમાં કેવળ તરતીબ વાજિબ છે. એટલે પહેલા માથું અને ગર્દન ધુએ અને પછી શેષ અંગ (શરીર)ને ધુએ.

# સવાલ

૧. ગુસ્લના કેટલા તરીકાઓ છે ?

૨. ગુસ્લે તરતીબી કેવી રીતે કરી શકાય ?

3. વાજિબ ગુસ્લ કેટલા છે ?

૪. જનાબતની હાલતમાં શું શું હરામ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 49

# ગુસ્લે ઈરતિમાસી

ગુસ્લે ઈરતિમાસી એ છે કે નિય્યતના સાથે જ પાણીમાં એ રીતે ગોતો (ડૂબકી) લગાડે કે પુરૂં બદન પાણીમાં ડૂબાઈ જાય અને બદનનો કોઈ હિસ્સો બહાર ન રહે. ગુસ્લે ઈરતિમાસીમાં પુરા અંગનું પાણીથી બહાર રહેવું જરૂરી (આવશ્યક) નથી. બલ્કે તળાવ અથવા સમુદ્રમાં ઊભા રહીને ગુસ્લની નિય્યત કરીને ડૂબકી લગાડી શકાય છે.

અગર ગુસ્લે ઈરતિમાસી પછી કોઈને યકીન થઈ જાય કે શરીરના કોઈ હિસ્સા પર પાણી નથી પહોંચ્યું તો ફરીથી પુરૂં ગુસ્લ કરે. કેવળ એ હિસ્સાને ધોઈ લેવું કાફી નથી. ગુસ્લમાં વાળ ધોવું જરૂરી નથી. આથી બૈરાં માટે ગુસ્લ કરતી વખતે પોતાના ગુથેલા વાળોને ખોલવું વાજિબ નથી. અલબત્તા વાળનાં નીચે જિલ્દ (તાળવા) સુધી પાણી પહોંચવું વાજિબ છે. રોઝાની હાલતમાં ગુસ્લે ઈરતિમાસી ન થઈ શકે, કારણ કે રોઝામાં માથાનું ડૂબાડવું હરામ છે.

## સવાલ

૧. અગર ગુસ્લે ઈરતિમાસી કરવા પછી યકીન થઈ જાય કે કોઈ હિસ્સા પર પાણી નથી પહોંચ્યું તો શું કરવું જોઈએ ?

૨. ગુસ્લમાં વાળને ધોવું જરૂરી છે કે નહીં ?

૩. અગર બૈરાંના વાળ ગુંથેલા હોય તો એને શું કરવું જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 50
# ગુસ્લની શર્તો

(૧) નિય્યત, (૨) પાક પાણી, (૩) ગુસ્લના અંગોનું પાક હોવું, (૪) પાણી ખાલિસ (શુદ્ધ) હોય મુજાફ ન હોય, (૫) મુબાહ હોય ગસ્બી ન હોય, (૬) પાણીનું વાસણ પણ મુબાહ હોય, (૭) ગુસ્લ કરવાની જગ્યા પણ મુબાહ હોવી જોઈએ, (૮) પાણીનું વાસણ સોના ચાંદીનું ન હોવું જોઈએ, (૯) જીલ્દ (ખાલ) સુધી પાણી પહોંચવામાં કોઈ રૂકાવટ હોય તો એ દૂર કરી લેવી જોઈએ, (૧૦) પાણીના પ્રયોગમાં કોઈ વાતની રૂકાવટ ન હોવી જોઈએ, એટલે કે એવો રોગ ન હોય જેનાથી પાણી નુકસાનદેહ (હાનિકારક) હોય અથવા ગુસ્લ કરવાના લીધે તરસ્યું રહેવાનો ડર હોય અથવા સમય એટલો ઓછો હોય કે ગુસ્લ કરવામાં નમાઝનો સમય નીકળી જાય.

## સવાલ

૧. ઈરતિમાસી ગુસ્લ કેવી રીતે કરાય છે ?

૨. ગુસ્લની શર્તો શું છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 51

# ગુસ્લના અહકામ

જ્યારે મનુષ્ય ગુસ્લનો ઈરાદો (નિશ્ચય) કરે અને એનું શરીર કોઇ જગ્યાએથી નજિસ હોય તો એને ઈખ્તિયાર છે કે ગુસ્લ શરૂ કરવાના પૂર્વે (પહેલા) નજાસતની જગ્યાને પાક કંરે અને પછી એને ગુસ્લની નિય્યતથી ધૂએ. પરંતુ સારૂં એ જ છે કે પ્રથમ નજાસતની જગ્યાને પાક કરી લે. એજ પ્રમાણે અગર જો નજિસ જગ્યાએ ઊભો હોય તો એ જગ્યાને પાક કરીને ગુસ્લ શરૂ કરે અથવા તે જગ્યા છોડી દે. અને જ્યારે જમણો હિસ્સો ધોતી વખતે પગ ધોવાનો આવે તો પહેલા જમણા પગને પાક કરે પછી જમણો પગ, ગુસ્લની નિય્યતથી ધુએ. એ જ પ્રમાણે જો ડાબા શરીરનો હિસ્સો ધુએ તો ડાબો પગ ધોવાનો આવે તો પહેલા પગ પાક કરીને પછી ડાબા પગને ગુસ્લની નિય્યતથી ધુએ. આ પ્રકારે ગુસ્લ સહી થઇ જશે. કેવળ પછી પગ પાક કરવું બાકી રહેશે.

રમઝાનના મહિનામાં રોઝાની હાલતમાં ગુસ્લે ઈરતિમાસી કરવું જાયઝ નથી. જો કોઇ રોઝાને ભૂલીને ભૂલથી રમઝાન મહિનામાં ઈરતિમાસી ગુસ્લ કરે તો રોઝો અને ગુસ્લ બંને સહીહ રહેશે અને જો જાણી જોઇને કરે તો રોઝો અને ગુસ્લ બંને બાતિલ રહેશે. ગુસ્લે જનાબતના પછી વુઝૂ ન કરવું જોઇએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


# સવાલ

૧. શરીર પર નજાસત લાગી હોય તો શું કરવું જોઈએ ?

૨. ગુસ્લ કરવાવાળો નજિસ જગ્યા પર ઊભો હોય તો શું કરવું જોઈએ ?

૩. રમઝાન મહિનામાં ઈસ્તિમાસી ગુસ્લ કરવાવાળાને શું હુકમ છે ?

૪. કયા ગુસ્લ પછી વુઝૂ જાયઝ નથી ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 52
# તયમ્મુમ

જો પાણી ન મળી શકે અથવા એનાથી નુકસાન યા ખતરો હોય અથવા એનું ખરીદવું હેસિયત (શક્તિ)થી અધિક હોય અથવા એને પ્રાપ્ત કરવામાં કોઇ ચોરીનો ખતરો હોય અથવા નમાઝના વખતમાં ગુસ્લ અથવા વુઝૂ માટે સમય ન હોય અથવા વુઝૂ કર્યા બાદ તરસ્યા રહેવાની અને તકલીફ થવાનો ડર હોય તો તયમ્મુમ કરવું જોઇએ. નમાઝ છોડી દેવી હરામ છે.

તયમ્મુમ માટી અથવા પત્થર પર કરે, જો એ ન હોય તો ગીલી માટીથી કરે અને અગર એ ન હોય તો ગર્દ અને ધુળથી કરે. તયમ્મુમ કરવાની રીત એ છે કે નિય્યત કરીને બંને હાથ ઝમીન પર મારે અને એ જ હાથોથી પૂરી પેશાનીની મસહ ઉપરથી નીચેની તરફ કરે. એના પછી ડાબા હાથની હથેળીથી જમણા હાથની પુશ્ત (પીઠ)ને અને જમણા હાથની હથેળીથી ડાબા હાથની પુશ્તની મસહ કરે. પછી એહતિયાતન ફરીથી હાથ મારે અને કેવળ બંને હાથોની મસહ કરે. તયમ્મુમ ચાહે વુઝૂના બદલે હોય અથવા ગુસ્લના બદલે, બંને હાલતોમાં તયમ્મુમની રીત આજ છે. તયમ્મુમને હંમેશા આખરી વક્તમાં કરવું જોઇએ, પરંતુ અગર કોઇને યકીન થઇ જાય કે મારી શિકાયત અથવા બિમારી અંતિમ (આખરી) વક્ત સુધી બાકી રહેશે તો પહેલા વક્તમાં તયમ્મુમ કરી શકે છે. પછી જો એના પછી વક્તના અંદર શિકાયત (આપાત)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ખત્મ થઈ જાય તો ફરીથી નમાઝ અદા કરવી જોઈએ.

તયમ્મુમ ગુસ્લનો પુરો (મુકમ્મલ) બદલો હોય છે. આથી એનાથી નમાઝ પણ પઢી શકાય અને મસ્જિદમાં પણ દાખલ થઈ શકાય. એ વિચાર કરવો કે આમાં ગુસ્લની મઝા નથી અથવા એનાથી દિલ નથી ભરાતું, એ ઈસ્લામની વિરૂદ્ધ છે.

અલ્લાહના હુકમની કોઈ પણ પ્રકારે તૌહીન અને મુખાલેફત (વિરોધ) ન કરી શકાય.

## સવાલ

૧. તયમ્મુમ કયારે કરવું જોઈએ ?

૨. તયમ્મુમ કઈ વસ્તુ પર સહીહ છે ?

૩. તયમ્મુમ કરવાના કારણો કયા કયા છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 53

# મા–બાપનો મરતબો

મા-બાપનો મરતબો બહુ મોટો છે. પરવરદીગારે આલમે તેમની સાથે સારી વર્તણુકને વાજીબ કહી છે. જે માણસ મા-બાપની સાથે સારી વર્તણુક ન રાખે તે બીજાની સાથે શી વર્તણુક રાખવાનો.

આપણને જોઈએ કે મા-બાપનો અદબ કરીએ, તેમની અવાઝથી આપણી અવાઝ મોટી ન કરીએ.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હ. અલી (અ.સ.)ને એક વસીયતમાં મા-બાપ અને અવલાદ બંનેના હક વર્ણન કર્યા. આપે કહ્યું : અય અલી (અ.સ.) બાપ ઉપર અવલાદનો હક એ છે કે અવલાદનું સારૂં નામ રાખે, તેને અદબ શિખવાડે, તેમને સારી જગ્યાએ રાખે. જે મા-બાપ પોતાની અવલાદને ખરાબ રસ્તે લગાડી છે, ખુદા તેમની પર લઅનત કરે છે. અને જે પોતાની અવલાદને નેક રસ્તા ઉપર ચલાવે છે તેમની રહેમત નાઝીલ કરે છે. આજ રીતે અવલાદે મા-બાપને નામ લઈને ન બોલાવવા, તેમની આગળ ન ચાલવું, તેમની બરોબર ન બેસવું, તેમને પોતાનાથી અલગ ન કરવા, તેઓ અગર ખીજાય તો પણ ચૂપ રહેવું. પરંતુ જો ખુદા અને રસુલની મરજી વિરૂદ્ધની કોઈ વાત કરે તો કદાપિત તેઓનું કહેવું ન માનવું, કારણ કે ખુદાનો મરતબો (દરજ્જો) મા-બાપથી પણ વધારે ઊંચો છે.

હઝરત મોહમ્મદ ઈબ્ને અબીબકર રહમતુલ્લાહ અલયહે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જીંદગીમાં કોઇ એવું કામ નથી કર્યું જેને તેઓ ખુદા અને રસુલના હુકમની વિરૂદ્ધ સમજતા હોય. મોહમ્મદ બીન અબીબકર હ.અલી (અ.સ.)ના ખાસ શાગીર્દોમાં હતા. જ્યારે હઝરત અલી (અ.સ.)ની હુકુમત સ્થાપિત થઇ અને તેમની મોહ્મ્મદ આયેશાએ હ. અલી (અ.સ.) સામે બગાવત કરી તો મહમદ ઇબ્ને અબી બકરે એ વાતની પરવાહ કર્યા વગર કે આયેશા તેમની બહેન છે હ. અલી અ.સ.ને હક ઉપર સમજી બહેનના મુકાબલા ઉપર આવી ગયા. મોઆવીયાને આપની આ રીત બહુજ ખરાબ લાગી. તેથી જ જ્યારે હ. અલી અ.એ આપને મિસ્રના ગવર્નર (રાજ્યપાલ) બનાવીને મોકલ્યા તો અમીરે શામ (મોઆવીયાએ) આપને શહીદ કરાવી નાખ્યા. આયેશાને ભાઇના મૌતની ખબર મળતાં જ તેઓ ખૂબ રડ્યા, કારણ કે ઇસ્લામમાં શહીદો ઉપર રોવું બીદઅત નથી, પરંતુ ઇબાદત છે.

## સવાલ

૧. મા-બાપનો હક શું છે ?

૨. અવલાદની શું ફર્જ છે ?

3. હઝરત મોહમ્મદ બીન અબીબકર કોણ હતા અને શા માટે શહીદ થયા ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 54

## આપણી જ્ઞાન પ્રગતીઓ

નબીએ કરીમ હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની તાલીમના પરીણામે ઈલ્મી મૈદાનમાં મુસલમાનો ખુબજ આગળ વધ્યા છે. આ હકીકતને બધા માને છે. આજે દુનિયામાં જે જ્ઞાન પ્રગતી દેખાઈ રહી છે,તેની શરૂઆત કરનાર મુસલમાનજ હતા.

મુસલમાનોએ ફકત તફસીર,હદીસ,કલામ,રેજાલ અને ફીકહ જેવા વિષયો પર જ કામ નથી કરેલ બલ્કે તે ઉપરાંત બીજા ઘણા વિષયો મુસલમાનના કારણે જ દુનિયામાં ફેલાણા છે.

ઈતિહાસના જ્ઞાનની શરૂઆત કરનાર પણ મુસલમાન છે જે દુનિયામાં આજે એક બહુજ મોટો વિષય છે. ભુગોળ જે આપણે સ્કુલમાં ભણીએ છીએ,તેની શરૂઆત કરનાર પણ મુસલમાન છે.મુસ્લીમ વેપારીઓ ધંધા માટે દૂરના ઈલાકાઓમાં જતા હતા.તે ઉપરાંત મુસલીમ આલિમો દીન ફેલાવવા માટે અલગ અલગ જગ્યાએ જતા હતા. અને તેઓએ દરેક મુલ્કના હવા,પાણી,પૈદાવાર,અને ત્યાંની રહેણી, કહેણી વિગેરે પર કિતાબો લખી.જેનાથી દુનિયાવાળાઓને ભુગોળનું જ્ઞાન મળયું. આ બહુજ કામનો વિષય છે. અને તેને જાણવાથી ઘણા ફાયદાઓ થાય છે.

ગણિતના વિષયને મુસલમાનોએ વધારે પ્રગતી આપેલ છે.અને ભુમીતી બનાવ્યું જેનાથી દુનિયાને મોટો ફાયદો પહોચ્યો છે.

રસાયણ શાસ્ત્ર જે વિજ્ઞાનનો એક ભાગ છે.તેની બુનયાદ ઈમામ સાદિક અ.સ.ના એક શાર્ગીદ જાબિર બિન હય્યાને રાખી હતી.

મેડીકલ સાઈન્સને મુસલમાનોએ મોટી પ્રગતી આપેલ છે.મુસલમાનોએ નવી નવી દવાઓ શોધી,અને બીમારીની અવનવી રીતોનું સંશોધન કર્યુ.આ રીતે ઈન્સાનીયતની એક મોટી ખીદમત કરી છે.

પ્લેન ચલાવવાનો ફન આજે દુનિયામાં જે પ્રગતી પર પહોચી ગયો છે. તેને આ મંઝીલ સુધી પહોચાડવામાં પણ મુસલમાનોનો મોટો હાથ છે. દીશાને ઓળખવા માટે હોકાયંત્રનું સંશોધન કરનાર પણ મુસલમાન છે.

ઘડીયાલ પણ મુસલમનોની સંશોધનનું પરીણામ છે.

સિતારાઓને જોવા તેમજ તેમની હલન ચલન જાણવા માટે ટેલીસ્કોપનું સંશોધન મુસલમાને કરેલ હતુ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક સમય એવો હતો કે આખી દુનિયા અજ્ઞાનતાનો શિકાર હતી.પંરતુ મુસલમાનોમાં મોટા મોટા મદ્રેસા મૌજુદ હતા જયાં હંમેશા જ્ઞાનની ચર્ચા ચાલતી હતી.

મ્દીના,નજફ,બગદાદ,દિલ્લી,લાહોર,મુલ્તાન,લખનૌ,બુખારા,સમરકન્દ, શિરાઝ,કુરતબા,ગારનાતા.....વિગેરે શહેરોમાં તે વખતે ઈસ્લામી મદ્રેસાઓ મૌજુદ હતા. જયારેકે દુનિયાની બીજી જગ્યાઓ પર જેહાલત ફેલાએલી હતી.

આજે યુરોપ અને અમેરીકામાં મોટી મોટી કોલેજો છે. પંરતુ આ એક ઈતીહાસની હકીકત છે. કે યુરોપ વાળાઓ પહેલા મુસલમાનોના મદ્રેસાઓમાં આવી તાલીમ મેળવતા હતા.ખરી રીતે જોઈએ તો યુરોપ વાળાઓના ઉસ્તાદ મુસલમાનજ છે.

આપણા પહેલા ઈમામ ઈરશાદ ફરમાવે છે "ઈલ્મ અને હિકમત મોમીનની ખોવાએલ મિલકત છે.તેને જયાં જુઓ ત્યાંથી હાસિલ કરી લો"

મુસલમાનોએ જેટલી પ્રગતી કરી છે, ઈલ્મના સહારે કરી છે.હવે પછી પણ મુસલમનનોની પ્રગતીનો પાયો ઈલ્મ જ છે.સાચી પ્રગતી એક મુસલમાન દૌલતમંદ થઈ જાય,બીજો મુસલમાન ડોકટર બની જાય,ત્રીજો મુસલમાન સરકારી ઓફીસર બની જાય.તો આપણે કહેશું કે આ બધા એ બહુજ પ્રગતી કરી લીધી.

પંરતુ હીન્દુ,અને ઈસાઈ પણ દૌલત ભેગી કરે છે.ભણે-પઢે છે. સરકારી ઓફીસર બને છે.રાજ પાટ પણ ચલાવે છે.તો પછી મુસલમાન અને બીજી કૌમના લોકો વચ્ચે શું ફર્ક છે?

હીન્દુ,મુસલમાન,ઈસાઈ,યહુદી દુનિયાના મામલામાં તો બધા પ્રગતી કરે છે પંરતુ મુસલમાન એ છે, જે દુનિયાની પ્રગતીને મોટી વસ્તુ નથી માનતા બલ્કે રૂહાની પ્રગતીને મોટી વસ્તુ માને છે.

મુસલમાન સામે દુનિયાની દૌલત અને હુકૂમત મોટી વસ્તુ નથી બલ્કે અલ્લાહની મોહબ્બત મોટી વસ્તુ છે. આપણા માટે અસલી અને સાચી પ્રગતી એ છે કે ઈન્સાન અલ્લાહની સિફાતે કમાલનો નમુનો બની જાય.

દા.ત.અલ્લાહ આલિમ છે તો આપણે ઈલ્મના મૈદાનમા ખુબજ આગળ વધવુ જોઈએ.અલ્લાહ કાદિર છે તો આપણે ઈલ્મના સહારે દુનિયાની દરેક ચીઝ પર કુદરત હાસિલ કરવાની કોશિષ કરવી જોઈએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલ્લાહ હય છે તો આપણે એવા કામ કરવા જોઈએ જેથી આપણુ તેમજ આપણી કૌમનું નામ હંમેશા માટે અમર થઈ જાય.

અલ્લાહ મુરીદ છે. તો આપણે પણ આપણા ઈરાદા અને ઈખ્તેયારની તાકતોને મઝબૂત કરવા જોઈએ.

અલ્લાહ મુદરીક છે. એટલે કે ખુદા આંખ કાન નાક વગર દરેક વસ્તુ જાણે છે. તો આપણે પણ આંખ કાન નાક દિલો દિમાગ વિગેરેની મદદથી દુનિયાની નવી નવી વસ્તૂને જાણવાની કોશિષ કરવી જોઈએ. અલ્લાહ કદીમ છે એટલેકે તે હંમેશાથી છે અને હંમેશા રહશે તો આપણે પણ એવા કામ કરવા જોઈએ. કે જેના વડે આપણને અમર ઝિંદગી મળી જાય.

અલ્લાહને માનવું દુનિયાની દરેક પ્રગતીની બુનયાદ છે.

આપણે મુસલમાન છીએ અને ફકત અલ્લાહની સામે માથું નમાવીએ છીએ. અને દુનિયાની દરેક ચીઝને ઈન્સાનની મિલકત માનીએ છીએ. આ હાલતમાં આપણા માટે જરૂરી છે, કે દુનિયાની દરેક ચીઝ થી ફાએદો ઉઠાવીએ.

બસ અંહીયાથીજ આપણી ઈલ્મી પ્રગતી શરૂ થઈ જાય છે.

બીજી કૌમ ફકત પોતાની દુનિયાવી પ્રગતી કરે છે. અને આપણે દરેક દુનયવી પ્રગતીને રૂહાની પ્રગતી બનાવી શકીએ છીએ. દા.ત. આપણી દૌલતને રાહે ખુદામા ખર્ચ કરીએ, આપણા ઈલ્મને ઈન્સાનોના કામે લગાવીએ. જેના કારણે અલ્લાહ આપણાથી ખૂશ થાય છે અને આપણને રૂહાની પ્રગતી પણ હાસિલ થાય છે.

સાચી પ્રગતી એ છે, કે દીની અને દુન્યવી બન્ને મૈદાનોની પ્રગતી કરીએ અને આ નેઅમત અલ્લાહથી સાચી મોહબ્બત અને ઈસ્લામની પાંબદીથીજ હાસિલ થઈ શકે છે.

## સવાલ

(૧) મુસલમાનોએ કઈ કઈ નવી શોધ કરી છે? અથવા જે તે વિષયને પ્રગતી આપી છે તેના નામ લખો.
(૨) જુના ઝમાનામાં ઈસ્લામનના મોટા મોટા મદ્રેસાઓ કઈ કઈ જગ્યાએ મૌજુદ હતા?
(૩) રસાયણ શાસ્ત્રની શોધ કરનાર મુસલમાનનું નામ બતાવો.
(૪) કોઈ મુસલમાન અને કોઈ ગૈરે મુસલમાન પ્રગતી કરે તો તે બન્નેમાં શુ તફાવત છે?
(૫) મુસલમાનો માટે સૌથી મોટી પ્રગતી શું છે?
(૬) આપણે શું શું કરવાથી અલ્લાહની સિફાતે કમાલનો નમૂનો બની શકીએ છીએ? અને કેવી રીતે?
(૭) આપણે આપણી દુન્યવી પ્રગતીને કેવી રીતે રૂહાની પ્રગતી બનાવી શકીએ છીએ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 55

## દૂરની પુર્વ દીશા

હિન્દુસ્તાનના પુર્વમાં ૧૨૦૦ ટાપુનો એક દેશ છે જેને ઈન્ડોનેશિયા કહેવામાં આવે છે.જે વસ્તીના પ્રમાણમાં દુનિયાનો સોથી મોટો મુસ્લીમ દેશ છે. જેમા આંઠ કરોડ મુસલમાન રહે છે. ઈન્ડોનેશિયામાં આઝાદ લોક શાહી હુકૂમત છે. ઈન્ડોનેશિયાનો સૌથી મોટા ટાપુનું નામ જાવા છે. આ ટાપુ ખુબજ વીકસીત અને ખુશહાલ ઈલાકો છે.અને સાકર બનાવવામાં બહુજ મશહુર છે.જાવા પછીનો વિકસીત ટાપુ સુમાત્રા છે.

ઈન્ડોનેશિયાના લોકો બહુજ મઝહબી છે. તેના કારણે જેટલા લોકો ઈન્ડોનેશિયાથી હજ માટે આવે છે, તેટલા લોકો બીજા કોઈ પણ દેશથી નથી આવતા.ઈન્ડોનેશિયામાં ઈસ્લામ સોળમી સદીની શરૂઆતમાં પહોંચ્યો અરબના વ્યાપારી લોકો મસાલા ખરીદવા માટે ઈન્ડોનેશિયા જતા હતા.અને ત્યાંના રહેવાસીઓને ઈસ્લામ તરફ આમંત્રણ આપેલ અને થોડાકજ સમયમાં આખો દેશ મુસલમાન થઈ ગયો.અને આજ સુધી ત્યાં ઈસ્લામનો જંડો ફરકી રહ્યો છે.

ચેનમાં મુસલમાનોની બહુજ મોટી આબાદી છે ત્યાં છ કરોડ મુસલમાન રહે છે.ચીનમા દક્ષીણ અને પશ્ચીમ ઈલાકાઓમાં મુસલમાનની સંખ્યા વધારે છે.ચીનમાં ઈસ્લામ પ્રાથમિક સમયમાંજ પહોંચી ગયો હતો.ઈસ્લામની તબ્લીગ કરનારાઓ બરફથી ઢંકાએલ પહાડો અને રણની મશ્કેલીઓને પાર કરી દૂરના ઈલાકા ચીનમાં તૌહીદનો પૈગામ લઈને ત્યાં પહોચ્યા હતા.

મલેશિયામાં પણ આઝાદ મુસલમાન હુકૂમત કાએમ છે.દક્ષીણ પુર્વ તરફનો એશિયા ખંડનો આખો દેશ મુસલમાન છે.અહીંયા પણ અરબના વેપારીઓ થકી ઈસ્લામ ફેલાયો હતો. મલેશિયા અને સીંગાપુરમા શિયાઓ વધારે પ્રમાણમાં મૌજુદ છે.

પુર્વ એશિયાના બીજા દેશો, બર્મા અને ફીલીપાઈન વિગેરેમાં પણ મુસલમાન મોજુદ છે. પરંતુ ખરી તબલિગ ન થવાના કારણે આ દેશોમાં ઈસ્લામ વધારે પ્રગતી નથી કરી શકયો.યુરોપ અને અમેરીકામાં પણ મુસલમાન મૌજુદ છે.પંરતુ બહુજ ઓછા પ્રમાણમાં.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દુનિયામાં ઈસ્લામને જે પ્રગતી મળી છે. તેનું કારણ ઈસ્લામની સચ્ચાઈ અને હક્કાનીયત છે.ઈસ્લામે દુનિયાને તૌહીદનો પાઠ શીખવ્યો. અને ઈન્સાનોમાં ભાઈચારા અને બરાબરીના વિચારને ઝાહિર કર્યો. ઈન્સાન અને અલ્લાહ વચ્ચે મઝબૂત સંબધને કાએમ કર્યો. ઈન્સાનને જ્ઞાન અને પ્રગતીની નેઅમતોથી માલા માલ કર્યો. નસ્લ, વતન, રંગ, અને ભેદ-ભાવના ભૂતોનો નાશ કર્યો. અને ઈન્સાની અખલાક અને કિરદારને એટલા બલંદ કર્યા, કે ઈન્સાન સર્વશ્રેષ્ઠ મખલૂક દેખાવા લાગ્યો. આ બધી વસ્તૂનું કારણ હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની તાલીમ અને કુર્આનની હિદાયત અને હ.મોહમ્મદ સ.અ.વ.ની મહેનતો અને દીને ખુદા માટે આપેલ કુર્બાનીઓ છે. કે જે તેમણે રાહે ખુદામાં આપી હતી.આજે તેજ વસ્તુઓનો બદલો છે કે દુનિયાની છસ્સો કરોડની વસ્તીમાંથી સો કરોડ માણસો મુસલમાન છે. અને દુનિયાના ઘણા દેશોમાં મુસલમાનોની હુકૂમત કાએમ છે. એ વાત સાચી છે કે આજે મુસલમાન દુનિયાની બીજી તાકતો કરતા પાછળ દેખાઈ રહ્યો છે.પરંતુ અગર આપણે ફરી એક વખત કુર્આને પાક અને આલેરસૂલ સ.અ.વ.ની સીરતનો સહારો લઈએ તો દુનિયાની સર્વ શ્રેષ્ઠ કૌમ બની શકીએ છીએ.

## સવાલ

(૧) ઈન્ડોનેશિયા વિષે માહીતી લખો.

(૨) ચીન દેશમાં ઈસ્લામ અને મુસલમાનો વિષે થોડીક માહિતી લખો.

(૩) મલેશિયા,બર્મા,ફીલીપીન,સીંગાપુર,યુરોપ અને અમેરીકાના મુસલમાનોનું વર્ણન કરો.

(૪) દૂર દરાઝના ઈલાકાઓમાં ઈસ્લામ કેવી રીતે ફેલાણો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 56

## ફરિયાદ

આજના ઝમાનામાં જેને જુઓ તે ફરિયાદ કરી રહ્યો છે. કોઈ વેપારની મોંઘાઈનું રોવે છે. તે કોઈ કપડાની મોંઘાઈનું, કોઈ ગરમીથી પરેશાન છે, તો કોઈ ઠંડીથી બેહાલ છે. કોઈ ઝમીન વાળાની ફરિયાદ કરે છે, તો કોઈ આસમાન વાળાઓની, અને મજાની વાતતો એ છે કે દરેક માણસ ખુદને બીજા કરતા બદહાલ અને બીજાને પોતાની જાત કરતા ખુશહાલ સમજે છે. કોઈ એમ નથી જોતું કે હું અગર તુટેલા મકાનમાં રહું છું, તો કેટલા એવા લોકો પણ છે જે ફુટપાથ પર પડેલા છે. અગર આપણે જવની રોટલી ખાઈએ છીએ તો ઘણા એવા લોકો છે જે ભુખ્યા રહી જાય છે. અગર આપણે મામૂલી કપડા પહેર્યા છે, તો ઘણા એવા છે જેઓ નવસ્ત્ર છે. હ. અલી અ.સ. ફરમાવતા હતા, કે મારા મુલ્કમાં એક આદમી પણ ભુખ્યો અથવા નવસ્ત્ર રહી જાય તો મારી માટે જમવું હરામ થઈ જાય છે. અફસોસ કે આજે મૌલાએ કાએનાતના રસ્તા પર ચાલવા માટે કોઈ તૈયાર નથી. અને બધા પોત પોતાના ઐશો આરામ હાંસિલ કરવાના ચકકરમાં ખોવાએલા છે.

એક વખતની વાત છે કે એક બહુજ મોટા આલિમ એક ઓરડામાં તેમના શાગીર્દોને તાલીમ આપી રહ્યા હતા. ગરમીની મૌસમ હતી. તે ઓરડામા એક પંખો પણ હતો. એટલામાં એક પાલકી ત્યાંથી નિકળી જે પાલકીની આગળ ચાર માણસો અને પાલકીની પાછળ ચાર માણસો હતા. અને એક માણસ વચ્ચે હતો જે પાલકી પર પાણી છાંટતો હતો. જેના કારણે અંદર બેઠેલા અમીર માણસને ગરમી ન લાગે. અચાનક એક તાલિબે ઈલ્મની નઝર તેઓ પર પડી અને તેના મોઢા માંથી "આહ" નિકળી ગઈ. તે આલિમે આહ નિકળવાનું કારણ પુછયું. તેણે કહ્યું કશુજ નહીં, આમજ આદતના કારણે આહ બોલાઈ ગયુંછે. ઉસ્તાદ સમજી ગયા કે શાગિર્દ કંઈક છુપાવી રહ્યો છે. માટે ઉસ્તાદે હકીકત જાણવા કોશિષ કરી. છેવટે તે શાગિર્દ બોલ્યો કે મને એ વાતનો સદમો થયો કે, પેલો જાહિલ માણસ કેવો આરામથી જઈ રહ્યો છે. અને આપણે ઈલ્મે દીન હાંસિલ કરવા છતાં આ ગરમીમાં બેઠા છીએ. કોણ જાણે પરવરદિગારની શું મરઝી છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આલિમે દીન આ સાંભળી નારાઝ થયા. અને ફરમાવ્યુઃ તે ઈન્સાફ ન કર્યો. આ કાફલાના દસ માણસોમાંથી આંઠ પાલકી ઉઠાવવાવાળા છે. અને પાણી છાંટવાવાળો એક નોકર છે. અને એક અમીર માણસ છે. આ દસ માણસોમાંથી એક તારી કરતા બેહતર છે. અને નવ માણસોની હાલત તારા કરતા ખરાબ છે.અને તે એક અમીર માણસને જોઈ લીધો અને બીજા નવ માણસોને ભૂલી ગયો.યાદ રાખો જેના વિચારો આવા કમઝોર હોય તે ઈલ્મે દીન હાંસિલ નથી કરી શકતો.

## સવાલ

(૧) હ.અલી અ.સ. પોતાના મુલ્ક માટે શું ફરમાવતા હતા ?

(૨) તાલિબે ઈલ્મના મોઢામાંથી શા માટે 'આહ' નિકળી ગયું ?

(૩) આલિમે દીને પોતાના શાગિર્દને કેવી રીતે સમજાવ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**TANZEEMUL MAKATIB**

*Golaganj, Lucknow - 226 018 (INDIA)*
*Phone: 0522-4080918, 9044065985*
*Email: makatib.makatib@gmail.com*